RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 04-06-2026 I VOL : 12 I Issue : 79 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

ભૂલો જ સફળતાનો પાયો છે. વિશ્વાસ સંબંધોનું મૂળ છે.


3 
એક જવાન દીઠ રોજના 500નો હપ્તો? વર્ષોથી એકના એક જ જવાનો કેમ ગોઠવાયેલા છે...?

4 
હીટ ડોમ : બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે !


6 
'ગેંગસ્ટર'માં બોલ્ડ સીન જોઈને માતા-પિતા ડઘાઈ ગયા હતા: કંગના રણૌતનો ખુલાસો

7 

નોર્વે ચેસ- પ્રજ્ઞાનંદ-ગુકેશ જીત્યા, દિવ્યાએ હમ્પીને હરાવી


## એક નજર...

### કેટ શર્માએ મનાલીમાં કરાવ્યું હોટ ફોટોશૂટ



બોલીવૂડ અભિનેત્રી કેટ શર્મા તેના બોલ્ડ અંદાજથી ચાહકોને દંગ કરે છે. અભિનેત્રી તેના બોલ્ડ અને હોટ વીડિયોથી સતત ચર્ચામાં રહેતી હોય છે. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ હોટ તસવીરો શેર કરી ચાહકોને દિવાના બનાવ્યા છે. કેટ શર્મા કેમેરાની સામે કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે.

### બાંગ્લાદેશ-આફ્રિકી દેશોના 17 નાગરિકો

# દિલ્હીમાં 6 માળની હોટલમાં આગ, 21 જીવતા ભડથું થયા

નવી દિલ્હી

દિલ્હીના માલવીય નગરની ફ્લોરિશ સ્ટે હોટલમાં બુધવારે આગ લાગવાથી 21 લોકોના મોત થયા. મૃતકોમાં 17 વિદેશી નાગરિકો છે, જે બાંગ્લાદેશ અને આફ્રિકન દેશોના છે. દિલ્હી ફાયર સર્વિસ અને



સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, માલવીય નગરના લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં સવારે 8.50 વાગ્યે આગ લાગી હતી. આગ રેસ્ટોરન્ટની ઉપર બનેલા હોટેલ ફ્લોરિશ સ્ટે સુધી પહોંચી ગઈ હતી. ચીફ ફાયર ઓફિસર અભિલાષ મલિકે જણાવ્યું કે, ફાયર ટીમે અહીંથી 37 લોકોને બહાર કાઢ્યા. બિલ્ડિંગ પાસે ફાયર NOC નહોતી. હોટલમાં 25 રૂમ છે. ઘટનાના વીડિયોમાં કેટલાક લોકો જીવ બચાવવા માટે સળગતી ઈમારત પરથી કૂદતા જોવા મળી રહ્યા છે. તેમને બચાવવા માટે સ્થાનિક લોકોએ જમીન પર ગાદલા પણ પાથર્યા હતા. બેઝમેન્ટમાંથી પણ 6 થી વધુ લોકોને બહાર કાઢવામાં આવ્યા. 40 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. ઘણા લોકોની હાલત ગંભીર છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. છેલ્લા 6 મહિનામાં દિલ્હીમાં આગની અલગ-અલગ ઘટનાઓમાં 66 લોકોના મોત થયા છે. આગ 6 માળની ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર બનેલા બી-એન-બી રેસ્ટોરન્ટમાં લાગી. થોડીવાર પછી આગ હોટલમાં ઉપરની તરફ ફેલાઈ ગઈ. આ હોટલ દિલ્હીના પ્રેસ એન્ક્લેવ રોડ પર છે. અહીં જ મેક્સ હોસ્પિટલ અને AIIMS પણ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ હોસ્પિટલોમાં સારવાર કરાવવા આવનારાઓના પરિવારજનો પણ આ હોટલમાં રોકાતા હતા. હોટલ પાસે 6 રૂમની મંજૂરી હતી, પરંતુ 25 રૂમ હતા ફ્લેરિસ સ્ટે ગેસ્ટહાઉસને બેડ એન્ડ બ્રેકફાસ્ટ કોન્સેપ્ટ હેઠળ લાઈસન્સ આપવામાં આવ્યું હતું. આ હેઠળ 6 રૂમની મંજૂરી હતી, પરંતુ 25 રૂમ બનાવવામાં આવ્યા હતા. આગ લાગ્યા બાદ હોટલના રેસ્ટોરન્ટના બેઝમેન્ટમાં પણ ઘણા લોકો ફસાયા હતા. તેમાં અંદર જવા અને બહાર નીકળવાનો રસ્તો એક જ હતો, જે ખૂબ જ સાંકડો હતો.

# ડીકે શિવકુમાર કર્ણાટકના નવા મુખ્યમંત્રી બન્યા

### જી પરમેશ્વર નાયબ મુખ્યમંત્રી બન્યા, સિદ્ધારમૈયાના પુત્ર સહિત 12 ધારાસભ્યોએ મંત્રી પદના શપથ લીધા

નવી દિલ્હી

ડીકે શિવકુમારે બુધવારે બેંગલુરુના લોક ભવનમાં કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શિવકુમારને 30 મેના રોજ કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ સિદ્ધારમૈયાની જગ્યાએ રાજ્યની કમાન સંભાળશે. તેમના ઉપરાંત, જી પરમેશ્વરે નવા નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ ઉપરાંત 12 ધારાસભ્યો પણ મંત્રી પદના શપથ લીધા. તેમાં પૂર્વ સીએમ સિદ્ધારમૈયાના એમએલસી પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયાનો પણ



સમાવેશ થાય છે. સિદ્ધારમૈયાએ 28 મેના રોજ સીએમ પદ પરથી રાજીનામું આપ્યું હતું. સિદ્ધારમૈયા 20 મે 2023 થી 28 મે 2026 સુધી મુખ્યમંત્રી રહ્યા. કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલા ડીકે શિવકુમાર દેશના સૌથી ધનિક નેતાઓમાંના એક છે. તેમની પાસે 1413 કરોડથી વધુની સંપત્તિ છે. તેઓ રિયલ એસ્ટેટ, ખાણકામ, હોટેલના વેપારી પણ છે. રસપ્રદ વાત એ છે કે આટલી સંપત્તિ હોવા છતાં તેમના ચૂંટણી સોગંદનામામાં એક ટોયોટા ક્વોલિસ કાર નોંધાયેલી છે. 263 કરોડનું દેવું પણ છે. ડીકે, જેનો જન્મ 1962માં બેંગલુરુ નજીક કનકપુરામાં થયો હતો, તે વોક્કાલિગા સમુદાયના છે. તેઓ કનકપુરાના ધારાસભ્ય છે. કોંગ્રેસમાં તેમની ઓળખ એવા નેતા તરીકેની છે જે પક્ષના ધારાસભ્યોને તૂટતા બચાવે છે. કોઈપણ મોટા ઓપરેશન, ચૂંટણી વ્યવસ્થાપન, પ્રચાર અથવા ગુપ્ત વ્યૂહરચનાઓ માટે જરૂરી નાણાકીય અને લોજિસ્ટિક્સ સપોર્ટનું તેઓ સારી રીતે સંચાલન કરે છે.

# મમતા બેનર્જીની TMC તૂટી, 58 ધારાસભ્યોએ અલગ જૂથ બનાવ્યું

### ઋતબ્રત બેનર્જીને ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટ્યા

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં મોટું ભંગાણ સામે આવ્યું છે. પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનર્જીના નેતૃત્વમાં 58 ધારાસભ્યોએ



અલગ જૂથ બનાવી લીધું છે. તેમણે દાવો કર્યો કે તેમની સાથે વધુ બે ધારાસભ્યો પણ છે. ઋતબ્રતે બુધવારે કહ્યું કે 58 ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષ રથીન્દ્ર બોઝને સમર્થન પત્ર આપીને તેમને ધારાસભ્ય દળના નેતા અને વિરોધ પક્ષના નેતા જાહેર કરવાની માગ કરી, જેને સ્પીકરે મંજૂરી આપી દીધી છે. જાવેદ ખાન, સંદીપન સાહા અને સિઉલી સાહાને ઉપનેતા બનાવવામાં આવ્યા છે. ઋતબ્રત મુજબ સંસદીય નિયમો મુજબ તેમનું જૂથ જ બંગાળ વિધાનસભામાં અસલી અને મુખ્ય વિરોધ પક્ષ છે. બળવાખોર જૂથને 58 ધારાસભ્યોનું સમર્થન છે, જે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ જરૂરી બે-તૃતીયાંશ સંખ્યા કરતાં વધુ છે. જોકે, હજુ સુધી વિધાનસભા સ્પીકર અને મમતા બેનર્જીનું કોઈ નિવેદન આવ્યું નથી. બળવાખોર જૂથે પોતાના પત્રમાં મમતા બેનર્જીને હજુ પણ પાર્ટી અધ્યક્ષ ગણાવ્યા છે. પરંતુ અભિષેક બેનર્જીનું નેતૃત્વ અને ધારાસભ્ય દળ સાથે જોડાયેલા નિર્ણયોને માનવાનો ઈનકાર કર્યો છે.

આ વિવાદ ત્યારે શરૂ થયો, જ્યારે વિપક્ષના નેતાની પસંદગી સંબંધિત પ્રસ્તાવ પર નકલી હસ્તાક્ષરનો આરોપ લાગ્યા બાદ ઋતબ્રત બેનર્જી અને સંદીપન સાહાને પાર્ટીમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. પાર્ટીની અંદર બળવા વચ્ચે મમતા બેનર્જીએ બુધવારે રાજ્યની તમામ કમિટીઓ અને ફ્રન્ટલ સંગઠનોને તાત્કાલિક અસરથી ભંગ કરી દીધા છે. પાર્ટી હવે સમગ્ર સંગઠનનું પુનર્ગઠન કરશે. મમતા બેનર્જીએ TMCમાંથી 2 ધારાસભ્યો સંદીપન સાહા અને ઋતબ્રત બેનર્જીને પાર્ટીમાંથી કાઢી મૂક્યા હતા. બંનેએ સ્પીકરને ફરિયાદ કરી હતી કે પાર્ટીએ શોભનદેવને વિરોધ પક્ષના નેતા બનાવવાની દરખાસ્તમાં તેમની નકલી સહીઓ કરી હતી. સાહા અને બેનર્જીનો આરોપ છે કે આ ફરિયાદ કરવા બદલ જ બંનેને TMCમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

## NEWS TRACK

### ટેક્સાસમાં સિટી હોલ બહાર એક અમેરિકને ભારતીય તિરંગો ફાડતા હોબાળો, સોશિયલ મીડિયા પર આક્રોશ

રાષ્ટ્રધ્વજ એ માત્ર કાપડનો ટુકડો નથી, પરંતુ કરોડો લોકોના ગૌરવ, આસ્થા અને સન્માનનું પ્રતીક છે. ભારતના 'તિરંગા' પ્રત્યે આપણને સૌને એવો જ અહોભાવ છે. જ્યારે આપણા તિરંગાનું અપમાન થાય, ત્યારે સ્વાભાવિક છે કે દુનિયાભરમાં વસતા ભારતીયોનું દિલ દુભાય. તાજેતરમાં અમેરિકાના ટેક્સાસમાંથી એક એવી જ આઘાતજનક ઘટના સામે આવી છે, જ્યાં ફ્રિસ્કો સિટી હોલની બહાર એક વ્યક્તિએ જાહેરમાં ભારતીય ધ્વજ ફાડી નાખ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા ઈન્ટરનેટ પર ભારે આક્રોશ અને ઉગ્ર ચર્ચા ફાટી નીકળી છે. શું છે સમગ્ર ઘટના? અહેવાલો પ્રમાણે, આ વીડિયોમાં દેખાતો માણસ ટેક્સાસનો સ્થાનિક રહેવાસી ક્લેટન વોકર છે. તે ઉત્તર ડલ્લાસ વિસ્તારમાં ભારતીય ઈમિગ્રેશન (સ્થળાંતર)ના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે મોંમાં સિગારેટ દબાવીને વોકર ફ્રિસ્કો સિટી હોલની બહાર ભારતના તિરંગો ફાડી રહ્યો છે.

### નેતન્યાહૂએ ટ્રમ્પને બતાવ્યો ઠેંગો! સીઝફાયરના આદેશ છતાં લેબેનૉન પર એક જ દિવસમાં 30 હુમલા

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેબેનૉનમાં યુદ્ધવિરામને મજબૂત કરવાના પ્રયાસો છતાં, ક્ષેત્રમાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. લેબેનૉનમાં નવા યુદ્ધવિરામ કરારના દાવાઓ વચ્ચે ઈઝરાયલી લડાકુ વિમાનોએ દક્ષિણ લેબેનૉનમાં ડઝનબંધ હવાઈ હુમલાઓ કર્યા છે. લેબેનૉનમાં બંને પક્ષો હવે કોઈ હુમલા નહીં કરે: સોમવારે ટ્રમ્પે કર્યો હતો દાવો સોમવારે અમેરિકાના પ્રમુખે દાવો કર્યો હતો કે તેમણે બેરૂત પર થનારા ઈઝરાયલી હુમલાને રોક્યા છે. તેમણે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને હિઝબુલ્લાહના પ્રતિનિધિઓ સાથે વાત કરી હતી અને બંને પક્ષોએ 'તમામ પ્રકારનો ગોળીબાર બંધ કરવા' પર સહમતિ સાધી હતી. અમેરિકન મીડિયાના અહેવાલો અનુસાર લેબેનૉન પર ઈઝરાયલના હુમલાથી અમેરિકા ભડક્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારની ટેલિફોનિક વાતચીતમાં નેતન્યાહૂને 'પાગલ' સહિતના અપશબ્દો કહ્યા હતા અને હુમલા રોકવા આદેશ આપ્યો હતો. જોકે ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે સ્પષ્ટ કર્યું છે કે, જો ઈઝરાયલના શહેરો પર હુમલા ચાલુ રહેશે.

# મહેસાણા પોલીસ બેડામાં ભ્રષ્ટાચારનો મહાવિસ્ફોટ: SPના કથિત 'વહીવટદાર' તરુણસિંહ ડાભીનું કરોડોનું હપ્તાખોરી નેટવર્ક ઉઘાડું!




## લાંગણજ, નંદાસણ, કડી અને સાંથલ વિસ્તારમાં દારૂ-જુગારના અડ્ડાઓની ખુલ્લેઆમ રેલમછેલ; રાજસ્થાનના બુટલેગરો સાથે સીધું કનેક્શન હોવાનો સનસનીખેજ આક્ષેપ

મહેસાણા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કેટલી હદે કથળી ચૂકી છે તેનો એક જીવતો-જાગતો અને હચમચાવી મૂકતો કિસ્સો મહેસાણા જિલ્લામાંથી સામે આવ્યો છે. સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાણે બુટલેગરો અને જુગારીઓના ચરણોમાં ગીરવે મુકાઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મહેસાણા જિલ્લામાં ચાલતા દારૂ અને જુગારના આ કાળા કારોબાર પાછળ કોઈ સામાન્ય ગુનેગાર નહીં, પણ ખાખી વરદીધારી આખી સિન્ડિકેટ કામ કરી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ આખા કાળા સામ્રાજ્યનો અસલી સૂત્રધાર લાંગણજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભી હોવાની વિગતો ચર્ચાના કેન્દ્રમાં છે, જે જિલ્લા પોલીસવડા (SP)નો કથિત 'કમાઉ દીકરો' બનીને આખા જિલ્લામાં સમાંતર શાસન ચલાવી રહ્યો છે.

### પોલીસ ચોકીઓની નાક નીચે ધમધમતા દારૂ-જુગારના અડ્ડા

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, મહેસાણાના અલગ-અલગ પોલીસ સ્ટેશનની હદમાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ મોટા પાયે જુગારધામ અને ઈંગ્લિશ દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા છે. જેમાં મુખ્યત્વે:

લાંગણજ વિસ્તાર: ગોઝારીયામાં બેચર ઠાકોર, લીંચમાં સુરેશ ઠાકોર અને વિરસોડા-મંડાલી પંથકમાં મોસીન નામના શખ્સો દ્વારા મોટા પાયે જુગાર અને દારૂનું વેચાણ થઈ રહ્યું છે.

નંદાસણ વિસ્તાર: રાજપુર ગામમાં ઈમ્તિયાઝ અને સરફરાઝ નામના શખ્સોનું જુગારધામ ચાલે છે, જ્યારે કાળુસિંહ દ્વારા ઈંગ્લિશ દારૂનો કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો છે.

કડી વિસ્તાર: અહીં ઈંગ્લિશ દારૂના વેચાણમાં મનોજ, જાવેદ, ઈશ્વરસિંહ અને કિશન ઠાકોર જેવા અસંખ્ય નાના-મોટા બુટલેગરો બેખોફ બનીને ધંધો કરી રહ્યા છે.

### કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભી: મહેસાણાનો 'બીજો સુપર SP'?

આ તમામ અડ્ડાઓ કોઈ પણ ડર વગર ચાલવા પાછળ લાંગણજ પોલીસ સ્ટેશનનો પીસી તરુણસિંહ ડાભી મુખ્ય કડી હોવાનું બહાર આવ્યું છે. આક્ષેપ છે કે, તરુણસિંહ લાંગણજ, નંદાસણ, કડી, બાવલુ અને સાંથલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એજન્સીના નામે કરોડો રૂપિયાનો હપ્તો ઉઘરાવે છે. તેની પરમિશન વગર જિલ્લામાં એક પાંદડું પણ હલી શકતું નથી. ઉપરથી લઈને નીચે સુધી કોને કેટલા પૈસા પહોંચાડવા તે બધું જ આ 'વહીવટદાર' નક્કી કરે છે. આ ભાઈ પોતે જ તમામ સ્ટેન્ડ પર માલ સપ્લાય કરાવે છે, લાઈનો ક્લિયર કરાવે છે અને વિદેશી દારૂનું મોટું કટિંગ પણ કરાવે છે.

### રાજસ્થાનથી કન્ટેનરો ઠલવાય છે, એસપી અને એલસીબી મૌન!

સૌથી ગંભીર બાબત એ છે કે આ નેટવર્કના તાર છેક રાજસ્થાન સુધી જોડાયેલા છે. આશુ અગ્રવાલ (આબુ રોડ), ગુલાબસિંહ (દાંતીવાડા), છોટુ બિશ્નોઈ, સુરેશ બિશ્નોઈ અને ભજનલાલ બિશ્નોઈ (સાંચોર) જેવા આંતરરાજ્ય બુટલેગરો રાજસ્થાન સરહદેથી દારૂના આખેઆખા કન્ટેનરો મહેસાણા જિલ્લામાં ઘુસાડે છે. વહીવટદાર તરુણસિંહ આ માલ આખા જિલ્લામાં સપ્લાય કરાવે છે અને કડક નિયમ રાખ્યો છે કે દારૂના સ્થાનિક અડ્ડાવાળાઓએ માત્ર તેના માણસો પાસેથી જ માલ લેવો પડશે! નિયમ એવો બનાવાયો છે કે સ્થાનિક પોલીસે આ અડ્ડાઓ પર દરોડા પાડવાના નથી, હપ્તો સમયસર પહોંચી જશે. જ્યારે પણ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની રેડ પડે છે ત્યારે માત્ર પીઆઈ કે બીટ જમાદાર સસ્પેન્ડ થાય છે, પરંતુ આ આખા ખેલના માસ્ટરમાઈન્ડ તરુણસિંહ ડાભીને કોઈ આંચ આવતી નથી. નવાઈની વાત એ છે કે જિલ્લાના પોલીસવડા અને એલસીબી પીઆઈ કામડીયાને પણ આ કરોડો રૂપિયાનો કાળો કારોબાર અને દેશી દારૂની ભઠ્ઠીઓ દેખાતી નથી! જનતામાં ચર્ચા છે કે તરુણ ડાભી પોતે જિલ્લાના 'બીજા પોલીસવડા' તરીકે વર્તી રહ્યો છે. આ સનસનીખેજ વિગતો બહાર આવ્યા બાદ હવે જોવાનું એ રહેશે કે રાજ્યનું ગૃહ વિભાગ આ ભ્રષ્ટાચારની આખી સિન્ડિકેટ સામે કોઈ કડક પગલાં ભરે છે કે પછી 'સબ સલામત'ના નારા હેઠળ આ કાળો કારોબાર આમ જ ચાલતો રહેશે.

**- પાક્કો ગુજરાત ન્યૂઝ બ્યુરો**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## કોર્પોરેશનના પાપે રોગચાળાનો ફાટો નીકળવાની ભીતિ!

# વડોદરા સ્માર્ટ સિટીના નામે કલંક! માંડવીમાં 10 દિવસથી નળમાં આવે છે 'ઝેર' જેવું પીળું અને દુર્ગંધયુક્ત પાણી.....!



**વડોદરા, સિકંદર પઠાણ**

એક તરફ સ્માર્ટ સિટીના બણગાં ફૂંકવામાં આવે છે અને બીજી તરફ સંસ્કારી નગરી વડોદરાના નાગરિકોને પીવા માટે શુદ્ધ પાણી પણ નસીબ થતું નથી! વડોદરાના ઐતિહાસિક માંડવી વિસ્તારમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC)ની ઘોર બેદરકારીના કારણે ગંભીર અને માનવસર્જિત કટોકટી ઊભી થઈ છે. અહીંના જમનાભાઈ હોસ્પિટલની પાછળ આવેલા રહેણાંક વિસ્તારના સેંકડો નાગરિકો છેલ્લા ૧૦ દિવસથી નળમાં આવતા પીળા રંગના અને તીવ્ર દુર્ગંધ મારતા 'ઝેરી' પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સામે હવે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. વોર્ડ નંબર-૧૪ માં આવતા આ વિસ્તારની સ્થિતિ એટલી હદે બદતર થઈ ગઈ છે કે અહીં પાણી પીવું તો દૂર, ઘરકામમાં વાપરવા લાયક પણ રહ્યું નથી.

૧૦૦થી વધુ મકાનો નરકાગાર બન્યા: જુબેર એપાર્ટમેન્ટ અને ડાસુંમિયાના ખાચા સહિતના વિસ્તારોના ૧૦૦થી વધુ પરિવારો આ ગંદા પાણીના કારણે નર્ક જેવી સ્થિતિ ભોગવી રહ્યા છે. ડ્રેનેજનું મિશ્રણ: સામાજિક કાર્યકર ફારુક સોની અને સ્થાનિકોના આક્ષેપ મુજબ, ગાયકવાડી શાસનકાળની વર્ષો જૂની અને જર્જરિત ડ્રેનેજ લાઈનો લીક થવાના કારણે ડ્રેનેજનું ગંદુ પાણી સીધું પીવાના પાણીની લાઈનમાં ભળી રહ્યું છે. સ્થાનિક રહીશોએ અગાઉ વહીવટી તંત્રને અનેક રજૂઆતો કરી હોવા છતાં, કુંભકર્ણની નિદ્રામાં સૂતેલા કોર્પોરેશનના ભ્રષ્ટ અને આળસુ તંત્રના પેટનું પાણી હલ્યું નથી. હોસ્પિટલની બિલકુલ પાછળ જ રોગચાળો ફેલાય તેવી પૂરેપૂરી વ્યવસ્થા તંત્રએ કરી આપી હોય તેવો ઘાતક માહોલ સર્જાયો છે. ગમે ત્યારે અહીં કમળો, કોલેરા કે ટાઈફોઈડ જેવા જીવલેણ રોગો ફાટી નીકળે તેવી ભીતિ સેવાઈ રહી છે.

'પાક્કો ગુજરાત'નો સીધો પ્રહાર: શું કોર્પોરેશનના સત્તાધીશો કોઈ માસૂમનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યા છે? પાણી વેરો વસૂલવામાં એક દિવસની પણ મોડું ન ચલાવતું વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રજાને ગટરનું પાણી પીવડાવવા બદલ શરમ કેમ નથી અનુભવતું? સ્થાનિકોએ હવે ચીમકી આપી છે કે જો તાત્કાલિક ધોરણે પાણીના સેમ્પલ તપાસી, લાઈનોનું સમારકામ કરીને કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો જનતા કોર્પોરેશનની કચેરી ગજવતા અચકાશે નહીં!

## દોઢ વર્ષથી નાસતા ફરતા પશુધારાના આરોપીને અલીન્દ્રા ચોકડી પરથી ઝડપી પાડતી કાલોલ પોલીસ

**કાલોલ, સેહજાદ પઠાણ**

જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ સૂચના આપવામાં આવી છે. જેના અનુસંધાને કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર. ડી. ભરવાડે એક અસરકારક વ્યુહાત્મક રણનીતિ તૈયાર કરી સ્ટાફને જરૂરી આદેશો આપ્યા હતા.

આ રણનીતિ અને પોલીસ ઈન્સ્પેકટર આર. ડી. ભરવાડને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાલોલ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. કાલોલ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૪ મા નોંધાયેલ ગુનો જેમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ (સુધારા ૨૦૧૭)ની કલમ ૮(૨), ૮(૪) વગેરે હેઠળ ગુનો નોંધાયેલ હતો, તે ગુનામાં છેલ્લા દોઢેક વર્ષથી પોલીસને થાપ આપી નાસતો ફરતો આરોપી ફિરદોશ અંસારખા બેલીમ (રહે. કસ્બા બોરુ ગામ, તા. કાલોલ, જી. પંચમહાલ)ને અલીન્દ્રા ચોકડી (કાલોલ) ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.કાલોલ પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ નગરમાં ખુલ્લી ગટરો બની 'મરણકાંઠો': પોસ્ટ ઓફિસ નજીક બાઈક ચાલક ગટરમાં ખાબકતાં ઈજાગ્રસ્ત

**કાલોલ, સેહજાદ પઠાણ**

કાલોલ નગરમાં નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. નગરના માર્ગો પર આવેલી ખુલ્લી અને બિસ્માર ગટરો વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ બની રહી છે, જેમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવતાં સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, કાલોલ નગરમાં આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસ નજીકથી પસાર થઈ રહેલા એક મોટરસાયકલ ચાલક અચાનક રોડ પર આવેલી ખુલ્લી અને તૂટેલી ગટરની જાળીના કારણે અકસ્માતનો ભોગ બન્યા હતા. બાઈકનું સંતુલન બગડતાં ચાલક સીધો ગટરમાં ખાબક્યો હતો. આ ભયાનક અકસ્માતમાં યુવકના પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો.સ્થાનિક રહિશોના જણાવ્યા અનુસાર, માત્ર પોસ્ટ ઓફિસ નજીક જ નહીં, પરંતુ નગરના અસંખ્ય વિસ્તારોમાં ગટરની જાળીઓ કાં તો તૂટી ગઈ છે અથવા તો ગટરો ખુલ્લી હાલતમાં મોં ફાડીને ઊભી છે. રાત્રિના સમયે અંધારામાં આ ખુલ્લી ગટરો દેખાતી ન હોવાથી અહીંથી પસાર થતા વાહનચાલકો અને નિર્દોષ રાહદારીઓ સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. અગાઉ પણ આ સ્થળે આવા નાના-મોટા અકસ્માતો સર્જાયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## સુરતમાં નબીરાનો આતંક : દારૂના નશામાં ધૂત કારચાલકે પાંચ લોકોને હવામાં ઉડાવ્યા

**સુરત**

શહેરમાં બેફામ દોડતા વાહનો અને નશાખોર ચાલકો માસૂમ નાગરિકો માટે કાળ સાબિત થઈ રહ્યા છે. સુરતના સરથાણા જકાતનાકા પાસે મોડી રાત્રે એક હૃદયકંપાવનારો અકસ્માત સર્જાયો હતો. જ્યાં સંપૂર્ણપણે દારૂના નશામાં ધૂત એક કારચાલકે રોડ પર જતા વાહનોને અડફેટે લઈ ૫ જેટલા લોકોને કચડી નાખ્યા હતા. કારની અડફેટે આવતા બે મોટરસાયકલ અને અન્ય એક કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટનાને પગલે ઘટનાસ્થળે હાજર રોષે ભરાયેલા લોકોએ કારચાલકને પકડી પાડીને રસ્તા પર જ બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. 'પાક્કો ગુજરાત'ના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ, સરથાણા જકાતનાકા સર્કલ નજીકથી પસાર થતી એક લક્ઝરી કારના ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર એટલી સ્પીડમાં હતી કે તેણે રસ્તા પરથી પસાર થતા બે બાઈક સવારોને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળ્યા હતા અને ત્યારબાદ આગળ જતી અન્ય એક કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૫ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખસેડાયા છે, જ્યાં ૨ લોકોની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ગોધરાના લિલેસરા GEB સબ સ્ટેશનમાં ભીષણ આગ : 11 કેવી પેનલ બળીને ખાખ

**ગોધરા, ફિરદોસ ગુણીયા**

ગોધરાના લિલેસરા વિસ્તારમાં આવેલા જીઈબી (GEB) સબ સ્ટેશનની ૧૧ કેવી પેનલમાં અચાનક અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે જોતજોતામાં સબ સ્ટેશન સંકુલમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

દુર્ઘટના અને વધુ નુકસાનને રોકવા માટે સલામતીના ભાગરૂપે સબ સ્ટેશનમાંથી પાવર સપ્લાય તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો. આના પરિણામે ગોધરા શહેરના કેટલાક મુખ્ય વિસ્તારો અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જતાં સ્થાનિક રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. હાલ વીજ કંપની દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણની તપાસ અને સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

## વાવના મોરીખા ગામે તળાવમાંથી યુવકની લાશ મળી : ફાયર બ્રિગેડ દ્વારા ડેડબોડી બહાર કાઢી

**થરાદ, રાજેશભાઈ જોષી**

વાવ તાલુકાના મોરીખા ગામે આવેલ વારિયુ તળાવમાં કોઈ અજાણ્યા યુવકની ડેડબોડી તરતી જોવા મળી હોવાનો કોલ ફાયર ટીમને મળતા જ થરાદ નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયર ટીમ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરી તળાવમાંથી યુવકની ડેડબોડી બહાર કાઢવામાં આવી હતી.

તપાસ દરમિયાન યુવકની ઓળખ મોરીખા ગામના પરમાર લખીરામભાઈ નરભેરામભાઈ (ઉંમર આશરે 28 વર્ષ) તરીકે થઈ હતી. મૃતક પરણિત હતા અને એક દીકરીના પિતા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાની જાણ થતાં વાવ મામલતદાર તેમજ પોલીસ તંત્ર પણ સ્થળ પર પહોંચ્યું હતું. જરૂરી કાર્યવાહી બાદ ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી.

## NDPS ગુનાનો નાસતો ફરતો અમદાવાદનો આરોપી સમીર વ્હોરા નડીયાદથી ઝડપાયો

**ખેડા-નડીયાદ**

નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના એનડીપીએસ (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ) ના ગંભીર ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં ખેડા-નડીયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસને મોટી સફળતા મળી છે. એલસીબી પોલીસે બાતમીના આધારે નડીયાદના કબ્રસ્તાન સર્કલ પાસેથી આરોપીને દબોચી લીધો છે. પકડાયેલો આરોપી સમીર સલીમભાઈ વ્હોરા મૂળ અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી મહંમદ નગર સોસાયટીનો રહેવાસી છે.

## વડોદરા રેલવે SOGની મોટી કાર્યવાહી

# પુરી-ગાંધીધામ ટ્રેનના ટોયલેટમાંથી 57 લાખનો 113 કિલો ગાંજો ઝડપાયો

**વડોદરા**

ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટે સક્રિય બનેલા નશાના કારોબારીઓ સામે રેલવે પોલીસે લાલ આંખ કરી છે. ઓડિશાથી ગુજરાત તરફ આવતી પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી વડોદરા રેલવે એસઓજી (SOG) પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. બુટલેગરો દ્વારા ટ્રેનના ટોયલેટમાં બિનવારસી હાલતમાં છુપાવીને રાખવામાં આવેલો અંદાજે ૧૧૩ કિલો ગાંજો પોલીસે જપ્ત કરી નશાના આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. મળતી માહિતી મુજબ, ગુજરાતમાં ડ્રગ્સ અને ગાંજા જેવા નશીલા પદાર્થો ઘુસાડવા માટે પેડલરો અવનવી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા છે. દરમિયાન વડોદરા રેલવે એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, પુરી-ગાંધીધામ ટ્રેનમાં મોટા પાયે નશાના જથ્થાની હેરાફેરી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેન આવતા જ સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે તપાસ કરતા ટ્રેનના દિવ્યાંગ કોચ (વિકલાંગ ડબ્બા)માં આવેલા શૌચાલયની અંદર શંકાસ્પદ કોથળાઓ મળી આવ્યા હતા. આ કોથળાઓ ખોલીને જોતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તેમાંથી પ્લાસ્ટિકના પેકિંગમાં ફીટ કરેલો ઉચ્ચ ગુણવત્તાનો બિનવારસી ગાંજો મળી આવ્યો હતો.

## તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

# કાલોલ નગરમાં ભયજનક જર્જરિત મકાન ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ

**કાલોલ, સેહજાદ પઠાણ**



કાલોલ નગરના મધ્યમાં આવેલા પોરવાડ ફળિયામાંથી એક અત્યંત ચિંતાજનક અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી દર્શાવતો કિસ્સો સામે આવ્યો છે. ફળિયામાં આવેલ ઘર નંબર ૧૩૯૫ વાળું મકાન હાલમાં અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયું છે. આ વર્ષો જૂનું મકાન ગમે તે ક્ષણે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં ઊભું છે, જેના કારણે સ્થાનિક રહીશો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ભયજનક મકાનને ઉતારી લેવા માટે આજથી બરાબર એક વર્ષ પહેલાં પોરવાડ ફળિયાના રહીશોએ કાલોલ નગરપાલિકાને લેખિતમાં વિગતવાર અરજી આપી હતી. પરંતુ અત્યંત આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, આ અરજીને એક આખું વર્ષ વીતી ગયું હોવા છતાં આજ દિન સુધી નગરપાલિકા તંત્ર દ્વારા આ મકાન ઉતારવા અંગે કોઈ જ પ્રિલિમિનરી કે નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ જર્જરિત મકાનની નીચે જ ફળિયાના નાના માસૂમ બાળકો દરરોજ ખેલકૂદ અને રમતગમત કરતા હોય છે. આ ઉપરાંત, આસપાસના રહીશો પોતાના વાહનો પણ ત્યાં પાર્ક કરે છે. મકાન એટલું જર્જરિત થઈ ગયું છે કે તેની ઉપરથી અવારનવાર ઈંટો, પતરાં અને કાટમાળ નીચે રસ્તા પર પડે છે, જેના કારણે નાની-મોટી ઈજાઓ થવાના બનાવો બની ચૂક્યા છે. જો આ આખું મકાન અચાનક ધરાશાયી થશે, તો નિર્દોષ બાળકોના જીવ જઈ શકે છે અને મોટા પાયે જાનમાલનું નુકસાન થઈ શકે છે. સ્થાનિકોમાં એ વાતને લઈને ભારે રોષ છે કે હજુ હમણાં જ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના જ ફતેપુરી ગામે એક જૂનું મકાન તૂટી પડવાના કારણે એક ૧૩ વર્ષની માસૂમ બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આટલી મોટી અને હૃદયદ્રાવક ઘટના નજીકમાં જ બની હોવા છતાં કાલોલ નગરપાલિકા અને મકાન માલિક હજુ સુધી કેમ એક્શન મોડમાં આવ્યા નથી? રહીશો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો અહીં કોઈ મોટી દુર્ઘટના ઘટશે અને કોઈનો જીવ જશે, તો તેની જવાબદારી કોણ લેશે.

# વડોદરામાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ'નો પ્રારંભ

### 6 હજારથી વધુ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા મેયર-કમિશનર ઘેરઘેર પહોંચ્યા હતા

**વડોદરા, સિકંદર પઠાણ**



વડોદરા શહેરમાં શાળા છોડી ચૂકેલા વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે "પ્રગતિનો પ્રવેશોત્સવ" અંતર્ગત વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અભિયાનના ભાગરૂપે વડોદરાના મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓએ વિદ્યાર્થીઓના ઘરે જઈ વાલીઓ સાથે મુલાકાત કરી હતી. શિક્ષણ વિભાગના આંકડા મુજબ ગત વર્ષે ધોરણ 1 થી 10 દરમિયાન 16,774 વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ થયા હતા. જેમાંથી 2,893 વિદ્યાર્થીઓ સ્થળાંતર કરી ચૂક્યા છે, 2,891 વિદ્યાર્થીઓએ ભણવાની ના પાડી છે અને 666 વિદ્યાર્થીઓનો કોઈ પત્તો મળ્યો નથી. આમ કુલ 6,396 વિદ્યાર્થીઓ હજુ પણ શિક્ષણથી દૂર છે. અભિયાન દરમિયાન સયાજીપુરા, નવાપુરા અને રાવપુરા વિસ્તારોમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓના ઘરે મુલાકાત લઈ તેમને નજીકની શાળાઓમાં પ્રવેશ અપાવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. સયાજીપુરામાં ધોરણ-8 બાદ અભ્યાસ છોડનાર ચાર દીકરીઓને આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ-9માં પ્રવેશ અપાવવાની ખાતરી આપવામાં આવી હતી. નવાપુરા વિસ્તારમાં ધોરણ-4થી અભ્યાસ છોડનાર વિદ્યાર્થીને ફરી શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો, જ્યારે અન્ય વિદ્યાર્થીઓને પણ નજીકની શાળાઓમાં દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. રાવપુરા વિસ્તારમાં પણ ધોરણ-8 બાદ શાળા છોડનાર વિદ્યાર્થીને પુન:પ્રવેશ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતો. આગામી સાત દિવસ દરમિયાન શહેરના સાંસદ, ધારાસભ્યો અને કાઉન્સિલરો પણ આ અભિયાનમાં જોડાશે અને તમામ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ઘરઘર સંપર્ક કરશે.

## કાલોલના કાતોલ ગામે અસામાજિક તત્વોનો આતંક

# જીવનદોરી ગણાતી પીવાના પાણીની બોરની પાઈપલાઈન તોડી નાખતા આખું ગામ તરસ્યું

**કાલોલ, સેહજાદ પઠાણ**



કાલોલ તાલુકાના કાતોલ ગામે અસામાજિક તત્વો દ્વારા આખા ગામને બાનમાં લેવાનો શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામની જીવનદોરી ગણાતી અને પીવાનું પાણી પૂરું પાડતી બોરની મુખ્ય પાઈપલાઈનને ગત રાત્રે કેનાલ પાસે અસામાજિક તત્વોએ તોડી નાખી હતી. ગામલોકોને જાણીજોઈને હેરાન કરવાના ઈરાદે આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેના કારણે હાલ સમગ્ર ગામમાં પીવાના પાણીનું ઘેરી કટોકટી સર્જાઈ છે.સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગામના કેટલાક લોકો આ નુકસાન પહોંચાડનાર તત્વોના નામ સારી રીતે જાણે છે. આમ છતાં, કોઈ અગમ્ય કારણોસર કે ડરના માર્યા કોઈ પણ ખુલ્લેઆમ નામ બોલવા તૈયાર નથી.

પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધા પર તરાપ મારનારા આવા તત્વો સામે ગામમાં ભારે આક્રોશ હોવા છતાં એક અજ્ઞાત ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.આ ગંભીર બાબતે કાતોલ ગામના સરપંચનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં જ લાઈન રિપેરિંગ માટે તાત્કાલિક માણસો (કારીગરો) બોલાવી લેવામાં આવ્યા છે. પાઈપલાઈનનું રિપેરિંગ કામ પૂર્ણ થયા બાદ ગામમાં પાણીનો પુરવઠો વહેલી તકે પુનઃ શરૂ કરવામાં આવશે. ઉનાળાની સિઝનમાં જ્યારે પાણીની જરૂરિયાત સૌથી વધુ હોય છે, ત્યારે આખા ગામને મુશ્કેલીમાં મૂકનારા આવા તત્વો સામે માત્ર લાઈન રિપેર કરી દેવી પૂરતી નથી. ગ્રામજનોમાં ચર્ચા છે કે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ આ બાબતને ગંભીરતાથી લઈ, સરકારી મિલકતને નુકસાન કરનારા અને લોકહિતને નુકસાન પહોંચાડનારા તત્વોને શોધી કાઢી તેમની સામે દાખલારૂપ અને કડક કાયદાકીય કાર્યવાહી કરે તે અત્યંત જરૂરી છે.

## કાલોલના બેઢિયા ગામે

# 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત ખેડૂત શિબિર યોજાઈ

**કાલોલ, સેહજાદ પઠાણ**

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન ચલાવવામાં આવી રહેલા 'ખેત બચાઓ અભિયાન'ના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના બેઢિયા ગામે એક વિશેષ ખેડૂત લક્ષી કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), પંચમહાલ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાસાયણિક ખાતરોના આડેધડ ઉપયોગને નિયંત્રિત કરી જમીનની તંદુરસ્તી જાળવવાનો અને ખેતીના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત 'કમ ખાદ, સાચી ખાદ અને સાચી સલાહ' ના સૂત્રને ચરિતાર્થ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જમીનની ઘટતી જતી ફળદ્રુપતા અને પર્યાવરણીય સંતુલનને ધ્યાનમાં રાખીને આયોજિત આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રધાન વૈજ્ઞાનિક ડૉ. કનકલતાના માર્ગદર્શન હેઠળ ૫૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતો સહભાગી થયા હતા. કેન્દ્રના વિષય નિષ્ણાત ડૉ. શક્તિ ખજુરિયાએ આ પ્રસંગે ખેડૂતોને કુદરતી ખેતીની વિવિધ પદ્ધતિઓ જેવી કે જીવામૃત, બીજામૃત, અને ઘનજીવામૃત તૈયાર કરવાની પ્રાયોગિક સમજ આપી હતી. તેમણે ખાસ કરીને જમીનમાં ભેજનું સંતુલન જાળવવા માટે 'વાપસા' અને ખેતરને ઢાંકી રાખવા માટે 'આચ્છાદન' (મલ્ચિંગ) જેવી પદ્ધતિઓ અપનાવવા અનુરોધ કર્યો હતો.

## વડાપ્રધાને કરી સહાયની જાહેરાત

# બારડોલી નજીક બે ST બસો વચ્ચે કાળજું કંપાવનારો અકસ્માત : 7 મુસાફરોના કરુણ મોત થયા, 17 ઈજાગ્રસ્ત

**બારડોલી/સુરત**



સુરત જિલ્લાના બારડોલી નજીક આવેલા ઉવા ગામ પાસે મહારાષ્ટ્ર પાસિંગની બે સરકારી એસ.ટી. બસો વચ્ચે એક અત્યંત ભીષણ અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. આ કરુણ દુર્ઘટનામાં ૭ મુસાફરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧૭થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બસો વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં જ એક બસમાં જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેને કારણે ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ કાળમુખા અકસ્માતમાંથી આબાદ બચેલા એક મુસાફરે ધ્રૂજતા અવાજે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, 'અકસ્માત એટલો જોરદાર હતો કે અમને સંભળાવવાનો પણ મોકો ન મળ્યો. અમારી નજર સામે જ કેટલાય લોકો લોહીલુહાણ હાલતમાં તરફડી રહ્યા હતા અને કેટલાક લોકો જીવતા સળગી ગયા. એ ભયાનક દ્રશ્યો જોઈને અમારું કાળજું કાંપી ગયું અને ત્યાં જ રડી પડાયું. એવું લાગતું હતું કે જાણે મોત અમારી બિલકુલ સામે જ ઊભું છે.' ઘટનાની જાણ થતાં જ બારડોલી અને સુરતની ફાયર બ્રિગેડની ટીમો તેમજ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ભારે જહેમત બાદ બસમાં લાગેલી આગ પર કાબૂ મેળવાયો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ૯ લોકોની હાલત હજુ પણ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

## અંબાજી સરહદ છાપરી ચેકપોસ્ટ પર હોમગાર્ડ કમાન્ડરનો 'ખાસ વહીવટ'

# એક જવાન દીઠ રોજના 500નો હપ્તો? વર્ષોથી એકના એક જ જવાનો કેમ ગોઠવાયેલા છે...?

**અંબાજી**

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી અને તેની આસપાસની સરહદી ચેકપોસ્ટો પર ખાખીની આડમાં ચાલતા એક મોટા આર્થિક સેટિંગનો સનસનાટીભર્યો ખુલાસો સામે આવ્યો છે. અંબાજી નજીક આવેલી ગુજરાત-રાજસ્થાન બોર્ડરની 'સરહદ છાપરી' ચેકપોસ્ટ પર નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને વર્ષોથી એકના એક જ હોમગાર્ડ જવાનોને કેમ ફરજ પર રાખવામાં આવે છે? આ સવાલનો જે જવાબ અંદરખાનેથી બહાર આવ્યો છે તે હોમગાર્ડ વિભાગની આબરૂના ધજાગરા ઉડાવનારો છે.

ચર્ચા તો એવી છે કે, આ મલાઈદાર ચેકપોસ્ટ પર ડ્યુટી મેળવવા માટે હોમગાર્ડ કમાન્ડરને જવાન દીઠ રોજના ૫૦૦નું 'ચડાવો' ચડાવવો પડે છે!

હજારો પ્રવાસીઓની અવરજવર અને 'સરહદ છાપરી'નું આર્થિક ગણિત!

અંબાજી આવતા હજારો માઈભક્તો દર્શન કરીને આગળ માઉન્ટ આબુ ફરવા જતા હોય છે. આ તમામ વાહનો સરહદ છાપરી ચેકપોસ્ટ પરથી પસાર થાય છે, જ્યાં પોલીસની સાથે હોમગાર્ડ જવાનો પણ તૈનાત હોય છે.

બીજા જવાનોનો વારો કેમ નથી આવતો?: અંબાજીમાં હોમગાર્ડ જવાનોનો આખો મોટો કાફલો ઉપલબ્ધ છે, છતાં રોટેશન નિયમ મુજબ બીજા કોઈ જવાનની નોકરી અહીં કેમ લખાતી નથી?

રોજના ૫૦૦ રૂપિયાનું ફિક્સ સેટિંગ?: લોકમુખે અને હોમગાર્ડ બેડામાં થતી જોરદાર ચર્ચા મુજબ, સરહદ છાપરી પર કાયમી અડીંગો જમાવીને બેસવા માટે જવાનોએ પોતાના કમાન્ડર સાથે દરરોજના ૫૦૦ લેખે આપવાનું નક્કી કરેલું છે. એટલે કે જે કમાણી કરાવે, એ જ સરહદ પર રાજ કરે!

હોમગાર્ડ કમાન્ડર શંકાના દાયરામાં: સિસ્ટમના આકાઓ ક્યારે જાગશે?

વર્ષોથી એક જ જગ્યાએ ચોંટી રહેલા આ 'લાડકા' હોમગાર્ડ જવાનોને કારણે પ્રામાણિક અને અન્ય જવાનો અન્યાયનો ભોગ બની રહ્યા છે. આ આખું નેટવર્ક હોમગાર્ડ કમાન્ડરની સીધી છત્રછાયા હેઠળ ચાલતું હોવાથી કમાન્ડર ખુદ શંકાના ઘેરાવમાં આવી ગયા છે. વહીવટી તંત્રની આવી લાચારી અને ભ્રષ્ટાચાર સામે હવે સવાલો ઉઠી રહ્યા છે.



### મોટી દુર્ઘટનાની રાહ જોતું તંત્ર

## ડભોઇ સેવા સદન સામે જ તંત્રના અંધેર નગરી જેવા દ્રશ્યો અધિકારીઓની નાક નીચે જ મોટો ખાડો

**ડભોઇ**

ડભોઇ સરકારી બાબુઓની આળસ અને પ્રજાના જીવ પ્રત્યેની લાપરવાહીનો ઉત્તમ નમૂનો ડભોઈમાં જોવા મળી રહ્યો છે ડભોઇ સેવા સદન જેવા મહત્વના સરકારી સંકુલની બિલકુલ નજીક મુખ્ય રોડ પર જ છેલ્લા ઘણા સમયથી એક મસમોટો ખાડો રાજ કરી રહ્યો છે આ ખાડાને કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે પરંતુ સરકારી કાગળો પર વિકાસ દોડાવતું તંત્ર વાસ્તવિકતામાં ઘોર નિદ્રામાં પોઢી ગયું હોય તેમ લાગી રહ્યું છે



દીવા તળે અંધારું: ૧૦૦ મીટરના અંતરે જ PWD ઓફિસ છતાં આંખ આડા કાન સૌથી આશ્ચર્યજનક અને આક્રોશ જન્માવે તેવી બાબત એ છે કે આ એ જ રોડ છે જ્યાં થી રોજબરોજ ડભોઇના ઉચ્ચ અધિકારીઓની સરકારી ગાડીઓ પસાર થાય છે એટલું જ નહીં, આ ખાડાથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ માર્ગ અને મકાન વિભાગ (PWD) ની ઓફિસ આવેલી છે જે વિભાગનું કામ રોડ-રસ્તા સરખા કરવાનું છે તેના જ અધિકારીઓ પોતાના ઘર આંગણે પડેલો આ મોટો ખાડો જોઈ શકતા નથી સેવા સદનથી માંડ ૧૦૦ ફૂટના અંતરે રોડની અધવચ્ચે પડેલો આ ખાડો તંત્રની કામગીરીની પોલ ખોલી રહ્યો છે વાહનચાલકો પરેશાન અકસ્માતનો ભારે ભય આ વ્યસ્ત રોડ પરથી દિવસ-રાત સેંકડો વાહનચાલકો પસાર થાય છે રાત્રિના સમયે જોખમ રાત્રે અંધારામાં આ ખાડો અચાનક સામે આવતા વાહનચાલકો અટવાઈ જાય છે અને વાહન પરનો કાબૂ ગુમાવી બેસે છે નાના વાહનોને નુકસાન ટૂ-વ્હીલર ચાલકો અવારનવાર અહીં સ્લિપ ખાઈ રહ્યા છે જેના કારણે લોકોને નાની-મોટી ઈજાઓ પણ થઈ રહી છે વાહન ચાલકો રાહ જોઈ રહ્યા છે ખાડો ક્યારે પૂરાશે?


### જૂનાગઢનો અમૂલ્ય વારસો વેરણછેરણ

## શૂટિંગના 50 હજાર રૂપિયા લેતી સરકાર : ઐતિહાસિક બૌદ્ધ ગુફાઓ જાળવવામાં ઝીરો!

**જૂનાગઢ**

ગિરનારની ગોદમાં વસેલું જૂનાગઢ પોતાના અદભુત સ્થાપત્ય અને સમૃદ્ધ ઈતિહાસ માટે વિશ્વભરમાં જાણીતું છે. અહીં મૌર્યકાલીન બૌદ્ધ ગુફાઓ આવેલી છે, જેમાં ઉપરકોટ, ખાપરા-કોડિયા અને બાવા પ્યારાની ગુફાઓ મુખ્ય છે. ખડકો કોતરીને બનાવેલી આ ગુફાઓ પ્રાચીન યુગમાં બૌદ્ધ સાધુઓનું આશ્રયસ્થાન અને ભારતીય સંસ્કૃતિની ધરોહર રહી છે.

પરંતુ આજે આ ઐતિહાસિક વારસો તંત્રની ઘોર ઉપેક્ષાના કારણે વેરણછેરણ થઈ રહ્યો છે. 'પાક્કો ગુજરાત'ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, પુરાતત્વ વિભાગ અને સરકાર આ ઐતિહાસિક સ્થળો પર પ્રિ-વેડિંગ કે અન્ય શૂટિંગ માટે રોજના ૫૦-૫૦ હજાર રૂપિયા જેવી મોટી ફી વસૂલ કરે છે. કમાણી કરવામાં અગ્રેસર રહેતું તંત્ર આ ગુફાઓની જાળવણી કરવામાં સાવ 'ઝીરો' સાબિત થયું છે. અતિ પ્રાચીન એવી ખાપરા-કોડિયા અને બાવા પ્યારાની ગુફાઓ આજે અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ છે. ઠેર-ઠેર કચરાના ઢગલા, ગંદકી અને દીવાલો પર લખાયેલા બિભત્સ નામો આ ઐતિહાસિક સ્થળની દુર્દશાની ચાડી



ખાય છે.

એડવોકેટનો સણસણતો આરોપ: 'કલેક્ટરોને ખેંગારવાવ ક્યાં છે તેની ખબર નથી!'

જૂનાગઢના સ્થાનિક વકીલ અને વારસા પ્રેમીઓએ તંત્ર અને અધિકારીઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. એક સ્થાનિક એડવોકેટે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'જૂનાગઢમાં આવતા આઈ.એ.એસ. કલેક્ટરો કે ઉચ્ચ અધિકારીઓ માત્ર એસી ચેમ્બરોમાં બેસી રહે છે. તેમને એ પણ ખબર નથી હોતી કે જૂનાગઢની ઐતિહાસિક 'ખેંગારવાવ' ક્યાં આવેલી છે! જ્યારે જવાબદાર અધિકારીઓને જ પોતાના શહેરના ઈતિહાસની ખબર ન હોય, ત્યારે વારસાનું જતન કઈ રીતે થાય?'

### સાયબર ગુનેગારો પર સુરત પોલીસનો ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈક

## 70 મ્યુલ એકાઉન્ટ ધારકોની ધરપકડ..! : દેશવ્યાપી છેતરપિંડીના નેટવર્કનો પર્દાફાશ

**સુરત**

રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે સુરત પોલીસે એક અત્યંત મોટું અને ઐતિહાસિક ઓપરેશન પાર પાડ્યું છે. સાયબર ફ્રોડ કરીને કરોડો રૂપિયા સેરવી લેતી ટોળકીઓ સામે લાલઆંખ કરીને સુરત પોલીસની સ્પેશિયલ ટીમે અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડીને એકસાથે ૭૦ જેટલા 'મ્યુલ એકાઉન્ટ' (ભાડાના બેંક ખાતા) ધારકોને દબોચી લીધા છે. આ ઓપરેશનથી દેશભરમાં ચાલતા કરોડો રૂપિયાના સાયબર ફ્રોડના કાળા કારોબારના પાયા હચમચી ગયા છે.

શું છે આ 'મ્યુલ એકાઉન્ટ' કૌભાંડ અને કેવી રીતે થતી હતી રમત?

'પાક્કો ગુજરાત'ના અહેવાલ મુજબ, સાયબર ગુનેગારો નિર્દોષ અને ગરીબ લોકોને લાલચ આપીને અથવા કમિશનની લાલચે તેમના નામે બેંકમાં ખાતા ખોલાવતા હતા.

પૈસા ટ્રાન્સફર કરવાનું હથિયાર: જ્યારે પણ કોઈ વ્યક્તિ સાથે ડિજિટલ છેતરપિંડી થતી, ત્યારે ગુનાની રકમ સીધી આ ૭૦ આરોપીઓના 'મ્યુલ એકાઉન્ટ'માં ટ્રાન્સફર કરવામાં આવતી હતી.

રાતોરાત કેશ ઉપાડ: ખાતામાં પૈસા આવતાની સાથે જ મુખ્ય સૂત્રધારો એટીએમ (ATM) અથવા ડિજિટલ ટ્રાન્સફર દ્વારા આ રકમ ઉપાડીને ગાયબ થઈ જતા હતા, જેથી પોલીસ તપાસમાં માત્ર આ ખાતાધારકો જ પકડાતા હતા. સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચે આ તમામ ૭૦ આરોપીઓની આકરી પૂછપરછ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ખાતાઓ દ્વારા કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો થયા છે, જેનો તાર દેશના અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલો છે. પોલીસે આ ઓપરેશન દરમિયાન અસંખ્ય ડેબિટ કાર્ડ, ચેકબુક, પાસબુક અને મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે.

પોલીસની જનતાને અપીલ: કોઈ પણ અજાણી વ્યક્તિના કહેવાથી કે સામાન્ય કમિશનની લાલચે પોતાના બેંક ખાતા, આધાર કાર્ડ કે પાન કાર્ડ જેવા દસ્તાવેજોનો ઉપયોગ કરવા આપવો નહીં. જો તમારું ખાતું આવા ગુનામાં વપરાશે, તો કાયદાના સિંજામાંથી બચી શકાશે નહીં.

સુરત પોલીસના આ કડક પ્રહારથી સાયબર માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ હવે આ મ્યુલ એકાઉન્ટ્સ પાછળ છુપાયેલા મુખ્ય 'માસ્ટરમાઈન્ડ' સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### 1 મહિલા સહિત 10 વોન્ટેડ; 46.70 લાખનો મુદ્દામાલ જપ્ત

## ઓલપાડના અસનાડમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર પોલીસનો દરોડો : 6 ઝડપાયા

**ઓલપાડ**

ઓલપાડ પોલીસે તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા અસનાડ ગામની સીમમાં ચાલી રહેલા એક મોટા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ફાર્મ હાઉસ પર ઓચિંતો દરોડો પાડીને જુગાર રમતા ૬ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે પોલીસને ચકમો આપીને ભાગી છૂટેલી ૧ મહિલા સહિત ૧૦ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ, ૪ લક્ઝુરિયસ કાર અને ૩ બાઈક મળી કુલ રૂપિયા ૪૬,૭૦,૫૦૦નો મસમોટો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઓલપાડ પોલીસ મથકની ટીમ ગત મંગળવારે કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, અસનાડ ગામની સીમમાં કમરોલી



રોડ પર આવેલ બ્લોક નં. ૧૮૫/બ વાળા નવલ કંથારીયાના ફાર્મમાં સુરત શહેરના કેટલાક ઈસમો મોટા પાયે ગંજીપાનાનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સાંજે ૫:૨૦ કલાકે દરોડો પાડતા જુગારધામ પર નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી ૬ આરોપીઓને દબોચી લીધા હતા, જ્યારે ૧૦ આરોપીઓ ભાગવામાં સફળ રહ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગઝડતીમાંથી કુલ રૂપિયા ૫૦,૦૦૦ની રોકડ, ૧,૨૦,૫૦૦ની કિંમતના ૬ મોબાઈલ, ૪૫ લાખની કિંમતની ૪ ફોર વ્હીલ કાર અને ૧.૩૦ લાખની કિંમતના ૩ મોટરસાયકલ કબજે કર્યા છે.

### મહેસાણા તાલુકા પોલીસની કડાકાભેર કામગીરી

## જ્હોન એનર્જી યાર્ડમાં થયેલી કરોડોની કેબલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો, 6 આરોપીઓ ઝબ્બે

**મહેસાણા**

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે ભારે સતર્કતા અને ઝડપી તપાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જાણીતી કંપની જ્હોન એનર્જી લિમિટેડના યાર્ડમાંથી થયેલી કેબલ ચોરીના ગુનાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આ ચોરીના આંતરરાજ્ય કનેક્શન અને સ્થાનિક કડીઓ જોડીને ગુનામાં સંડોવાયેલા કુલ ૬ સાતિર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

મળતી વિગતો મુજબ, જ્હોન એનર્જી લિમિટેડના યાર્ડમાંથી કિંમતી કેબલ વાયરની ચોરી થતાં કંપનીના સત્તાધીશો દ્વારા મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને



તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ સઘન તપાસ, બાતમીદારોનું નેટવર્ક અને આધુનિક ટેક્નિકલ સર્વેલન્સના આધારે શંકાસ્પદોની હિલચાલ પર નજર રાખી હતી. આ સચોટ વ્યૂહરચનાના પરિણામે પોલીસને મોટી સફળતા મળી હતી અને ચોરીને અંજામ આપનારા ૬ આરોપીઓને અલગ-અલગ જગ્યાએથી કોર્ડન કરીને દબોચી લેવામાં આવ્યા હતા. મહેસાણા તાલુકા પોલીસે ઝડપાયેલા આરોપીઓની આકરી પૂછપરછ કરીને તેમની પાસેથી ચોરી કરાયેલો તમામ મુદ્દામાલ પણ અકબંધ કબજે લીધો છે. ગુનાનો ભેદ આટલી ઝડપથી ઉકેલાઈ જતાં અને મુદ્દામાલ રિકવર થતાં સ્થાનિક વેપારી આલમ અને પ્રજામાં મહેસાણા તાલુકા પોલીસની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીની ભારે પ્રશંસા થઈ રહી છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરના ગુના હેઠળ અટકાયત કરી છે અને આ ચોરીમાં અન્ય કોઈ ગેંગ સામેલ છે કે કેમ તે દિશામાં રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરી છે.

### ખેડૂતોને ₹50 લાખથી વધુનું નુકસાન

## ડભોઇ તાલુકાના ઓરડી ગામે વાવાઝોડાનો કહેર 100 એકરમાં કેળાનો પાક જમીનદોસ્ત

**ડભોઇ**

ડભોઇ પંથકમાં વહેલી સવારે વરસાદની સાથે આવેલા ભયાનક વાવાઝોડાએ ભારે તારાજી સર્જી છેડભોઈ તાલુકાના ઓરડી ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં કુદરતે એવો કહેર વર્તાવ્યો છે કે ખેડૂતોના મોંએ આવેલો કોળિયો છીનવાઈ ગયો છે અંદાજે 100 એકર જમીનમાં વાવેલો કેળાનો પાક સંપૂર્ણપણે નષ્ટ થઈ જતાં ખેડૂતોને રૂપિયા 50 લાખથી વધુનું મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે પાક લણણીના આખરી સમયે જ કુદરત રૂઠી ઓરડી ગામના વિસ્તારમાં ખેડૂતો મોટા પાયે કેળાની ખેતી કરે છે ચાલુ વર્ષે કેળાનો પાક ઉત્તમ હતો અને જગતનો તાત (ખેડૂત) પાક ઉતારીને તેને બજારમાં વેચવાની આખરી તૈયારીઓમાં જ હતો. બરાબર એ જ સમયે વરસાદ સાથે આવેલા તીવ્ર પવને સમગ્ર વિસ્તારને બાનમાં લીધો હતો. ભારે પવનના ઝાપટાંને કારણે તૈયાર થઈ ગયેલી કેળાની લૂમો ભારે વજનને લીધે ઝાડ સહિત તૂટીને જમીનદોસ્ત થઈ ગઈ હતી ખેતરોમાં માત્ર તૂટી પડેલા કેળના ઝાડ અને વેરવિખેર થયેલી કેળાની લૂમો જ જોવા મળી રહી છે ખેડૂતની આપવીતી રાત-દિવસ એક કરીને લોહીનું પાણી કરીને આ પાક ઉછેર્યો હતો. હવે જ્યારે કમાણીનો સમય આવ્યો ત્યારે ભગવાને બધું જ ઝૂંટવી લીધું વ્યાજે રૂપિયા લાવી ખેતી કરનાર ખેડૂત લાચાર બન્યો આ પંથકના મોટાભાગના ખેડૂતોએ બેંકોમાંથી અથવા ઊંચા વ્યાજે રૂપિયા લાવીને, મોંઘા ખાતર અને બિયારણ ખરીદીને મહા મહેનતે આ કેળાનો પાક તૈયાર કર્યો હતો આશા હતી કે સારો પાક થતાં દેવું ચૂકવાઈ જશે અને પરિવારનું ગુજરાન ચાલશે પરંતુ કુદરતી આફતે ખેડૂતોની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું છે. મહેનત એળે જતાં અને માથે દેવાનો પહાડ ઊભો થતાં જગતનો તાત અત્યારે અત્યંત લાચાર અને દુઃખી હાલતમાં જોવા મળી રહ્યો છે સરકાર પાસે વળતરની આશા

આવા કપરા અને સંકટના સમયમાં હવે ઓરડી ગામના પીડિત ખેડૂતોની સરકાર પાસે એક જ આશા અને માંગણી છે સરવેની કામગીરી: કૃષિ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે નુકસાનીનો સર્વે કરવામાં આવે.

યોગ્ય વળતર આર્થિક રીતે તૂટી ગયેલા ખેડૂતોને સરકાર તરફથી વહેલી તકે યોગ્ય સહાય અને વિશેષ પેકેજ ચૂકવવામાં આવે જેથી તેઓ આ સંકટમાંથી બહાર આવી શકે.

## ઓળખ છુપાવીને ખેલાયો પ્રેમનો ખતરનાક ખેલ! : 'રાજુ' બનીને નાઝીમ 2 બાળકોની માતાને ભગાડી ગયો

**કઠલાલ**

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં હિન્દુ નામ ધારણ કરી પોતાની અસલી ઓળખ છુપાવીને પરપ્રાંતીય યુવક દ્વારા સ્થાનિક પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જવાનો એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કઠલાલ હાઈવે પર પંચરની દુકાન ચલાવતા અને મૂળ બિહારના નાઝીમ નામના યુવાને પોતાનું નામ 'રાજુ' બતાવી ૨ બાળકોની માતાને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેને લઈને ફરાર થઈ ગયો હતો. કઠલાલ પોલીસે આ મામલે સઘન તપાસ આદરીને લોકેશનના આધારે આરોપી અને પરિણીતાને ઉત્તર પ્રદેશ (UP)થી દબોચી લીધા છે.

'પાક્કો ગુજરાત'ના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ, મૂળ બિહારનો વતની નાઝીમ અલી કઠલાલ બાયપાસ હાઈવે પર પંચરની દુકાન ચલાવતો હતો. સ્થાનિક વિસ્તારમાં તે પોતાની અસલી ઓળખ છુપાવીને પોતાનું નામ 'રાજુ' જણાવતો હતો. આ દરમિયાન તેની દુકાન નજીકથી અવરજવર કરતી અને બે બાળકોની માતા એવી સ્થાનિક પરિણીતા સાથે તેણે આંખ મળી ગઈ હતી. નાઝીમે પોતાની અસલી ધાર્મિક ઓળખ છુપાવી, મીઠી-મીઠી વાતો કરીને પરિણીતાને પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી.

## સુરત મનપાની જાણ બહાર નાશીરનગરની 100થી વધુ કાચી-પાકી મિલકતોનું ડિમોલિશન: આખરે આ 'બુલડોઝર' ફેરવ્યું કોણે?

### કોઈ લેખિત આદેશ નહીં, કોઈ નોટિસ નહીં છતાં કરોડોની જમીન પર રાતોરાત જેસીબી ફરી વળ્યા, મનપા શાસકો અને તંત્ર સવાલોના ઘેરામાં

**સુરત**

સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં કદાચ ક્યારેય ન બન્યો હોય તેવો એક અત્યંત ચોંકાવનારો અને ભેદી કિસ્સો સામે આવ્યો છે. શહેરના નાશીરનગર વિસ્તારમાં આવેલી ૧૦૦થી વધુ કાચી અને પાકી મિલકતો પર રાતોરાત બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે સુરત મનપા સામાન્ય નાગરિકના નાના ઓટલા તોડવા માટે પણ નોટિસોની હારમાળા સર્જે છે, તે મનપાના સત્તાધીશો આટલા મોટા ડિમોલિશનથી તદ્દન અજાણ હોવાનો દાવો કરી રહ્યા છે! હવે સવાલ એ ઊભો થાય છે કે, જો મનપાએ આ તોડફોડ નથી કરી, તો કાયદાને ખિસ્સામાં લઈને કરોડોની જમીન ખાલી કરાવનાર આ અજ્ઞાત 'બાહુબલી' કોણ છે?

મળતી વિગતો મુજબ, નાશીરનગર પંથકમાં વર્ષોથી વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની મિલકતોને કાયદાકીય પ્રક્રિયાના લીરેલીરા ઉડાવીને જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. આ ડિમોલિશન પહેલાં સ્થાનિક રહીશોને ન તો કોઈ નોટિસ આપવામાં આવી હતી, ન તો સામાન હટાવવાનો સમય અપાયો હતો. અચાનક આવી પહોંચેલા જેસીબીના કાફલાએ જોતજોતામાં ૧૦૦થી વધુ મકાનો અને દુકાનોને કાટમાળમાં ફેરવી દીધા હતા. પોતાનું આજીવન કમાણીનું આશિયાણું આંખની સામે તૂટતું જોઈ પીડિત પરિવારોમાં ભારે આક્રોશ અને રૂદન જોવા મળ્યું હતું.

જ્યારે આ સમગ્ર મામલે સુરત મહાનગરપાલિકાના સંબંધિત ઝોનના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેઓએ હાથ ઊંચા કરી દીધા હતા. મનપા પ્રશાસનનું કહેવું છે કે, આ ડિમોલિશન અંગે મનપા દ્વારા કોઈ આદેશ આપવામાં આવ્યો નથી કે ન તો તંત્રના કોઈ વાહનો ત્યાં મોકલવામાં આવ્યા હતા. મનપાની આ 'અજ્ઞાનતા' સામે હવે અનેક શંકા-કુશંકાઓ જન્મી રહી છે.

સ્થાનિકોના મનમાં ઉઠતા વેધક સવાલો: શું સુરત શહેરમાં મનપા ઉપરાંત કોઈ સમાંતર સરકાર ચાલી રહી છે, જે મનપાની જાણ બહાર આટલું મોટું ડિમોલિશન કરી નાખે?

૧૦૦થી વધુ મિલકતો તોડવા માટે જેસીબી અને અસંખ્ય માણસો આવ્યા, છતાં સ્થાનિક પોલીસ કે વિજિલન્સ ટીમને તેની ગંધ કેમ ન આવી?

શું આ કોઈ મોટા જમીન માફિયા કે બિલ્ડર લોબીનું કારસ્તાન છે, જેને તંત્રના જ કોઈ મોટા માથાના આશીર્વાદ પ્રાપ્ત છે?

## ઉનાવા પોલીસની મોટી સફળતા : સુરતના 2 કરોડની છેતરપિંડીના ગુનાના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડ્યા

**ગાંધીનગર/મહેસાણા**

સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કરોડો રૂપિયાની છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવામાં ઉનાવા પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ટેકનિકલ સોર્સિસ અને બાતમીદારોની મદદથી આખી જાળ બિછાવીને આરોપીઓને દબોચી લીધા છે.


મળતી વિગતો મુજબ, સુરતના વેપારી મથક ગણાતા મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થોડા સમય પહેલાં રૂપિયા બે કરોડની મસમોટી છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનાની ગંભીરતાને જોતાં સુરત પોલીસની સાથે રાજ્યની અન્ય પોલીસ એજન્સીઓ પણ વોન્ટેડ આરોપીઓની શોધખોળમાં લાગી હતી. આ દરમિયાન ઉનાવા પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, આ ગુનાના આરોપીઓ ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં આશરો લઈને છુપાયેલા છે. બાતમી મળતા જ ઉનાવા પોલીસની ટીમે તાત્કાલિક એક્શનમાં આવીને અલગ-અલગ ટીમો બનાવી શંકાસ્પદ સ્થળો પર દરોડા પાડ્યા હતા. પોલીસની સચોટ વ્યૂહરચનાના કારણે કરોડોની કલદાર તારવીને નાસતા ફરતા આરોપીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા.

## તંત્રી લેખ...

# દિલ્હીની નજરે બંગાળનો શિકાર! TMCમાં ભડકો અને ભાજપની એ જ 'મહારાષ્ટ્ર વાળી' ઘાતક મોડસ ઓપરેન્ડી

દેશના રાજકારણમાં ફરી એકવાર એવો ભૂકંપ આવવાની તૈયારી છે, જેની ધ્રુજારી છેક કોલકાતાથી દિલ્હી સુધી અનુભવાશે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના અજેય ગણાતા ગઢ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના પાયા હચમચાવવા માટે પડદા પાછળ એક અત્યંત ખતરનાક અને ઘાતક સ્ક્રિપ્ટ લખાઈ ચૂકી છે. રાજકીય ગલિયારાઓમાં ઉડતી સનસનાટીભરી ખબરો મુજબ, ભારતીય જનતા પક્ષ (BJP) બંગાળમાં પણ એ જ 'મહારાષ્ટ્ર મોડેલ' એટલે કે 'ઓપરેશન લોટસ'નો નવો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યું છે. શિવસેના અને NCPના જે રીતે કટકા થયા, એ જ સ્ટાઈલમાં હવે TMCમાં પણ સત્તાવાર બળવાની તારીખો ગોઠવાઈ રહી છે. ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે, શું 'બંગાળના વાઘણ' ગણાતા મમતા દીદી આ રાજકીય ચક્રવ્યૂહમાંથી પોતાની પાર્ટીને ઉગારી શકશે? 'મહારાષ્ટ્ર ફોર્મ્યુલા' રિપીટ: દીદીના પોતાના જ ઘરમાં ગાબડું!

મહારાષ્ટ્રમાં જે રીતે એકનાથ શિંદે અને અજિત પવારે રાતોરાત ખેલ પાડીને આખી પાર્ટીઓ પલટી નાખી અને અસલી પક્ષ પર દાવો ઠોકી દીધો, બરાબર એ જ ખતરનાક બ્લુપ્રિન્ટ બંગાળમાં એક્ટિવ થઈ ગઈ છે. અભિષેક બેનર્જી સામે અજંપો: TMCના અસંખ્ય વરિષ્ઠ નેતાઓ અને સાંસદો લાંબા સમયથી મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીની એકહથ્થુ શૈલીથી ધૂંધવાઈ રહ્યા છે. ભાજપે બરાબર આ જ નબળી નસ પકડી છે. એજન્સીઓનો ગાળિયો અને ઓફર: કેન્દ્રીય તપાસ એજન્સીઓના સકંજામાં ફસાયેલા અને પક્ષમાં હાંસિયામાં ધકેલાયેલા નેતાઓનો ભાજપના ચાણક્ય ગણાતા નેતાઓએ સીધો સંપર્ક સાધ્યો છે. સૂત્રોનું માનીએ તો, આ વખતે ટાર્ગેટ બે-ચાર ધારાસભ્યો નથી, પણ સીધો જ એક મોટો સત્તાવાર ધડો અલગ કરવાનો છે! સંસદમાં ૨/૩ (બે તૃતિયાંશ) બહુમતી: ભાજપનો અસલી અને ઘાતક ગેમ પ્લાન આ ખેલ માત્ર કોલકાતાની ગાદી પલટાવવાનો નથી, આનો અસલી માસ્ટરમાઈન્ડ પ્લાન દિલ્હીની સંસદ સાથે જોડાયેલો છે. ભાજપ કોઈપણ ભોગે સંસદના બંને ગૃહોમાં બે તૃતિયાંશ (2/3) ની પ્રચંડ બહુમતી મેળવવા માંગે છે અને તેના માટે પ્રાદેશિક પક્ષોને ખતમ કરવા અનિવાર્ય છે. જો આ ગેમ પ્લાન સફળ રહ્યો, તો ભાજપ આ દેશમાં કલ્પના બહારના ફેરફારો કરી શકે છે: ૧. બંધારણમાં ઐતિહાસિક ફેરફાર: ૨/૩ બહુમતી મળતાની સાથે જ દેશના બંધારણમાં એવા મોટા સુધારાઓ થઈ શકે છે, જે વિપક્ષ ક્યારેય સપનામાં પણ વિચારી ન શકે. ૨. વન નેશન, વન ઈલેક્શન: 'એક દેશ, એક ચૂંટણી'ના કાયદાને કોઈના પણ વિરોધ વિના આખા દેશ પર લાગુ કરી દેવાશે. ૩. વિપક્ષ મુક્ત ભારત: તમામ પ્રાદેશિક ક્ષેત્રના મજબૂત પક્ષો (જેમ કે TMC) ના સાંસદોને તોડીને સંસદમાં વિપક્ષની ધાર સાવ બુઠ્ઠી કરી દેવી, જેથી કોઈ સવાલ ઉઠાવનાર જ ન બચે. આરપારની લડાઈ: મમતા માટે અસ્તિત્વનો જંગ મમતા બેનર્જી રસ્તા પરની લડાઈ જીતવામાં માહિર છે, પણ જ્યારે લડાઈ પોતાની જ પાર્ટીના બંધ બારણે લડાતી હોય ત્યારે પલડું ભારે રાખવું અઘરું બને છે. જો ભાજપ પોતાના પ્લાનમાં સફળ રહ્યું અને TMCના બે તૃતિયાંશ સાંસદો કે ધારાસભ્યો સત્તાવાર રીતે જુદા થઈ ગયા, તો પક્ષપલટા વિરોધી કાયદો પણ તેમને રોકી નહીં શકે. આ કોઈ સામાન્ય રાજકીય પલટો નથી, આ ભારતના લોકશાહીના ઈતિહાસની સૌથી ઘાતક શતરંજની રમત છે. દીદી આ ચક્રવ્યૂહને તોડશે કે પછી બંગાળમાં પણ 'કમળ' મહારાષ્ટ્રની જેમ જ જનમત વગર સત્તા કબજે કરશે, તેના પર આખા દેશની નજર છે!




**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઉનાળામાં સ્કિન ઈન્ફેક્શનનો ઉપાડો!: તડકો, ભેજ અને પરસેવાથી વધતું જોખમ

દેશના ઘણા ભાગોમાં તાપમાન 45C થી ઉપર પહોંચી ગયું છે. ચમકતો તડકો, ઉકળાટ અને વધુ પડતા પરસેવાથી ત્વચાના ચેપનું જોખમ વધી જાય છે. ઉચ્ચ તાપમાન અને ભેજ બેક્ટેરિયા અને ફંગસના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે. આનાથી દાદર, ખંજવાળ અને ફોલ્લીઓ જેવી સમસ્યાઓ વધે છે. આવી સ્થિતિમાં, સમયસર લક્ષણોને ઓળખીને બચાવના યોગ્ય ઉપાયો કરવા જરૂરી છે. 'નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિન'ના એક અભ્યાસ મુજબ, ગરમીમાં પરસેવો અને ભેજ વધવાથી ત્વચા વધુ સંવેદનશીલ બની જાય છે. આનાથી અનેક પ્રકારની ત્વચા સંબંધિત સમસ્યાઓનું જોખમ વધી શકે છે. કયા સ્કિન ઈન્ફેક્શન વધુ થાય છે? તેના શું લક્ષણો હોય છે? તેનાથી બચવા માટે શું સાવચેતીઓ રાખવી? જ્યારે બેક્ટેરિયા, વાયરસ, ફંગસ અથવા અન્ય જર્મ્સ સ્કિનના સંપર્કમાં આવીને વધવા લાગે છે. આપણી સ્કિન શરીરને જર્મ્સથી બચાવે છે, પરંતુ કટ, ઉઝરડા, ઘા અથવા વધુ ભેજ અને પરસેવાના કારણે આ જર્મ્સ સ્કિનની અંદર જતા રહે છે. આ જર્મ્સ શરીરને પ્રભાવિત કરે છે, આ જ સ્કિન ઈન્ફેક્શન છે. તેનાથી- ત્વચા પર ખંજવાળ લાલ ફોલ્લીઓ સોજો પસ જેવી સમસ્યાઓ થઈ શકે છે. તેના ઘણા કારણો છે. પોઈન્ટર્સથી સમજો- ગરમી અને ભેજવાળું વાતાવરણ માઈક્રોઓર્ગેનિઝમ્સ વધવા માટે આદર્શ હોય છે. તેથી ઉનાળામાં ફંગલ અને બેક્ટેરિયલ ઈન્ફેક્શન જેવા કે દાદર, ખંજવાળ કે ફોલ્લીઓનું જોખમ વધી જાય છે.

આ સીઝનમાં વધુ પડતો પરસેવો, ગરમી અને ભેજને કારણે ત્વચા પર બેક્ટેરિયા અને ફંગસ ઝડપથી વધે છે. પરસેવો અને ધૂળ-માટીના સંપર્કથી ત્વચા લાંબા સમય સુધી ભેજવાળી રહે છે. આનાથી ત્વચાના ઈન્ફેક્શનનું જોખમ વધી જાય છે. ઉનાળામાં સ્કિન ઈન્ફેક્શન સામાન્ય રીતે શરીરના તે ભાગોમાં વધુ થાય છે, જ્યાં પરસેવો વધુ આવે છે અને ભેજ જળવાઈ રહે છે. ગ્રાફિકથી સમજો કયા ભાગોમાં વધુ થાય છે- આ જગ્યાઓ પર વધુ પડતા પરસેવાના કારણે ફંગસ અને બેક્ટેરિયા ઝડપથી વધે છે અને ઈન્ફેક્શનનું જોખમ વધી જાય છે. આ એ વાત પર નિર્ભર કરે છે કે ચેપ બેક્ટેરિયા, ફંગસ, વાયરસ કે એલર્જીને કારણે થયો છે. પોઈન્ટર્સથી સમજો કે ચેપ કેવી રીતે ફેલાઈ શકે છે- ચેપગ્રસ્ત વ્યક્તિની ત્વચાના સંપર્કથી. ટુવાલ, કપડાં, રેઝર કે કાંસકો જેવી વસ્તુઓ શેર કરવાથી. ચેપગ્રસ્ત સપાટીઓ કે કપડાંથી. જો સ્કિન ઈન્ફેક્શન હળવું હોય તો સામાન્ય સંભાળથી થોડા દિવસોમાં ઠીક થઈ જાય છે. પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તે ગંભીર સ્વરૂપ લઈ શકે છે. જો આવા લક્ષણો દેખાય તો તરત જ ડૉક્ટરને બતાવો- ચેપ 3-4 દિવસમાં સાજો ન થાય અથવા સતત વધતો જાય. જો તીવ્ર દુખાવો, સોજો અથવા ખૂબ વધારે લાલાશ હોય. ઘામાંથી પસ નીકળવા લાગે અથવા દુર્ગંધ આવે. તાવ અથવા નબળાઈ અનુભવાય. ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો હોય અથવા શરીરના મોટા ભાગને અસર કરી રહ્યો હોય.

# બહારની દુનિયા પાસે તમને હરાવવાનું કોઈ હથિયાર જ નથી, એ તો માત્ર તમારા મનની નબળાઈનો ઉપયોગ તમારી વિરુદ્ધ કરે છે

જ્યારે મન બને અજેય: સામેની વ્યક્તિના ઘા પણ બની જશે બેઅસર!

માનવ મનોવિજ્ઞાન અને જીવનનું એક એવું પરમ સત્ય છે જેને જો સમજી લેવામાં આવે, તો વ્યક્તિ દુનિયાની કોઈ પણ મુશ્કેલી કે સંબંધોના ખરાબ દોર સામે અજેય બની શકે છે.

આપણે ઘણીવાર પરિસ્થિતિઓ અથવા આપણી નજીકના લોકોને આપણા દુઃખ માટે જવાબદાર માનીએ છીએ. પણ ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો સમજાશે કે સામેવાળી વ્યક્તિ તો માત્ર એક નિમિત્ત છે.અસલી ખેલ તો આપણા પોતાના મનની અંદર રમાય છે.

જે સંબંધ તમને અંદરથી તોડી નાખે, એ સંબંધમાંથી મોહ તોડી નાખવો એ જ સાચી સમજદારી છે. મન મક્કમ હોય તો સામેની વ્યક્તિનો ઘા પણ માત્ર એક પથ્થર બનીને રહી જાય છે, હથિયાર નથી બનતો.

જીવનમાં ઘણીવાર એવું બને છે કે આપણે કોઈ વ્યક્તિને હદથી વધારે પ્રેમ કરીએ છીએ, તેના પર અંધવિશ્વાસ કરીએ છીએ. આપણો આ અતિશય પ્રેમ અને લાગણીશીલતા જ આપણી સૌથી મોટી 'નબળાઈ' બની જાય છે. સામેની વ્યક્તિ જ્યારે સ્વાર્થી કે સંવેદનહીન હોય, ત્યારે તે આ પ્રેમનો હથિયાર તરીકે ઉપયોગ કરવા લાગે છે.

તે વ્યક્તિ બરાબર જાણે છે કે તમારી 'દુખતી નસ' કઈ છે. તમે તેના વગર રહી નથી શકતા, તેનાથી દૂર થવાનો તમને ડર છે, અથવા તેની કોઈ વાત તમને તરત રડાવી દે છે આ બધી જ તમારી માનસિક નબળાઈઓ છે. સામેવાળી વ્યક્તિ આ જ કમજોરી પર વારંવાર ઘા કરે છે, તમને સતત ટોર્ચર કરે છે અને તમારો માનસિક ઉપયોગ (Manipulate) કરે છે. ત્યાં સુધી કે તમને એવું લાગવા માંડે છે કે તમે જ ક્યાંક ખોટા છો. તમે અંદરથી સાવ તૂટી



જાઓ છો અને હારી જાઓ છો.

પણ વાર્તા અહીં પૂરી નથી થતી. આ હારેલી વ્યક્તિ જ્યારે એક દિવસ અંતરાત્માના અવાજથી જાગે છે અને મનથી મક્કમ થઈ જાય છે, ત્યારે આખો ખેલ પલટાઈ જાય છે!

જ્યારે એ વ્યક્તિ મનમાં નક્કી કરી લે છે કે બસ, હવે બહુ થયું. મારો પ્રેમ મારી કમજોરી નથી, મારી તાકાત છે. અને જે વ્યક્તિને મારા પ્રેમની કદર નથી, તેને મને દુઃખી કરવાનો કોઈ અધિકાર નથી.જે ક્ષણે મન આ રીતે અંદરથી સજ્જડ અને મક્કમ થઈ જાય છે, તે જ ક્ષણે સામેવાળી વ્યક્તિનું તમામ વર્તન, તેના મહેણાં, તેનું ટોર્ચર અને તેની ચાલાકીઓ સાવ બેઅસર થઈ જાય છે.

દુખતી નસ ગાયબ થઈ જાય છે કારણ કે તમે હવે એ નસ પર મક્કમતાનો આત્મવિશ્વાસ રૂપી પાટો બાંધી દીધો છે. તેના વર્તનથી કોઈ દુઃખ નથી થતું જેવી તમારા મનમાંથી એ વ્યક્તિને ગુમાવવાનો ડર કે મોહ નીકળી જાય છે, એટલે તેનો નકારાત્મક વ્યવહાર તમને સ્પર્શી પણ શકતો નથી.

હથિયાર જ બુઠ્ઠું થઈ જાય છે. સામેની વ્યક્તિ ફરીથી એ જ જૂની પદ્ધતિથી વાર કરવાનો પ્રયત્ન કરશે, પણ આ વખતે તમારા મનની મજબૂતાઈ સામે તેના બધા તીર નિષ્ફળ જશે. શોષણ કરનારાઓ સામે અજેય બનવાનો મંત્ર સમુદ્રની વચ્ચે એક વિશાળ વહાણ તરતું હોય છે. તેની ચારેય તરફ કરોડો લીટર પાણી હોય છે, પણ એ પાણી વહાણને ત્યાં સુધી ડુબાડી શકતું નથી, જ્યાં સુધી વહાણમાં કોઈ નાનું સરખું કાણું (નબળાઈ) ન પડે. જેવું વહાણમાં કાણું પડ્યું, બહારનું પાણી અંદર ઘૂસી જશે અને વહાણ ડૂબી જશે.

આપણી આસપાસ પણ નકારાત્મકતા અને શોષણ કરનારા લોકોનો સમુદ્ર છે. જ્યાં સુધી આપણે આપણા મનની અંદર એ નકારાત્મકતાને પ્રવેશવા માટેનું 'કાણું' (બીજા પરની આંધળી નિર્ભરતા) ખુલ્લું રાખીએ નહીં, ત્યાં સુધી દુનિયાની કોઈ તાકાત આપણને ડુબાડી શકતી નથી. મનની મક્કમતા એ વહાણના એ કાણાંને હંમેશા માટે બંધ કરી દે છે, જે આપણી સુરક્ષાનું અભેદ્ય કવચ બને છે.

સામેવાળી વ્યક્તિના ટોર્ચરથી મુક્ત થઈને અજેય બનવા માટે

મોહ અને ડર છોડો સામેની વ્યક્તિ તમને માત્ર એટલા માટે ડરાવી કે ટોર્ચર કરી શકે છે કારણ કે તમને તેને ગુમાવવાનો ડર છે. જ્યારે તમે એ ડર છોડી દેશો, ત્યારે તેની બધી જ શક્તિઓ આપોઆપ નાશ પામશે. આત્મસન્માન (Self-Respect) ને સર્વોપરી બનાવો કોઈને એટલો પ્રેમ ક્યારેય ન કરો કે તમારું પોતાનું અસ્તિત્વ જ ભૂંસાઈ જાય. તમારી મક્કમતા જ તમારું સાચું કવચ છે.વિચારોનું ફિલ્ટર લગાવો.સામેની વ્યક્તિ ગમે તેટલું ઝેર ઓકે, તેને મનની અંદર ન ઉતારો. નક્કી કરો કે કઈ વાતને હૃદય સુધી પહોંચવા દેવી અને કઈ વાતને અધવચ્ચેથી જ 'ઈગ્નોર' કરી દેવી.

યાદ રાખો, કોઈ તમને ત્યાં સુધી જ દુઃખી કરી શકે છે જ્યાં સુધી તમે તેમને એ કરવાની પરવાનગી આપો છો. બહારની દુનિયા પાસે તમને હરાવવાની કોઈ સત્તા નથી, સત્તા તમે પોતે આપો છો

તમારા મનની નબળાઈ દ્વારા.


માટે, તમારા મનના માલિક બનો. જ્યારે તમે લાગણીઓથી ઉપર ઊઠીને અંદરથી મક્કમ અને અજેય બનશો, ત્યારે ગમે તેવી ઝેરીલી વ્યક્તિ પણ તમારા આત્મવિશ્વાસ અને સ્મિત સામે નતમસ્તક થઈ જશે!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# રાષ્ટ્ર નિર્માણ અને પત્રકારત્વના સશક્ત હસ્તાક્ષર: સોશિયલ મીડિયા ફાઉન્ડેશનના રાષ્ટ્રીય સ્થાપક પ્રમુખ કિશોર ભંડારીજીને જન્મદિવસની અનંત શુભેચ્છાઓ!

મુંબઈ / અમદાવાદ

૫ જૂનનો દિવસ મહારાષ્ટ્ર અને દેશના સામાજિક, રાજકીય તેમજ પત્રકારત્વ જગતની એક એવી પ્રખર અને આદરણીય શખ્સિયતના નામે છે, જેમણે પોતાની કર્તવ્યનિષ્ઠા અને સેવાભાવથી સમાજમાં એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. 'સોશિયલ મીડિયા ફાઉન્ડેશન'ના રાષ્ટ્રીય સ્થાપક પ્રમુખ, 'અખિલ મરાઠી પત્રકાર સંઘ' (મહારાષ્ટ્ર રાજ્ય)ના પ્રદેશ પ્રમુખ તથા 'ભાજપ જૈન પ્રકોષ્ઠ' (મહારાષ્ટ્ર રાજ્ય)ના માનનીય ઉપપ્રમુખ શ્રી કિશોર ભંડારીજીને તેમના જન્મદિવસના આ પાવન અવસરે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પરિવાર અને દેશભરના શુભચિંતકો તરફથી કોટિ-કોટિ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ!



બહુઆયામી વ્યક્તિત્વ: સમાજ, સંગઠન અને લોકશાહીના સજાગ પ્રહરી

એક કુશળ અને દીર્ઘદ્રષ્ટા નેતા તરીકે કિશોર ભંડારીજીનું જીવન સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવા અને તેમના અધિકારો માટે સંઘર્ષ કરવા માટે પ્રેરણારૂપ રહ્યું છે. તેમની આ અદ્વિતીય સફરના ત્રણ મુખ્ય સ્તંભ આ મુજબ છે:

લોકશાહીનો ચોથો સ્તંભ (પત્રકારત્વ): 'અખિલ મરાઠી પત્રકાર સંઘ'ના મહારાષ્ટ્ર રાજ્યના પ્રમુખ તરીકે તેમણે હંમેશાં નિષ્પક્ષ પત્રકારત્વને વેગ આપ્યો છે. રાજ્યભરના પત્રકારોના હિતો, માન-સન્માન અને તેમની સુરક્ષા માટે તેઓ હંમેશાં અગ્રેસર રહીને મજબૂતાઈથી અવાજ ઉઠાવતા આવ્યા છે.

ડિજિટલ ક્રાંતિ અને સામાજિક ચેતના: 'સોશિયલ મીડિયા ફાઉન્ડેશન'ના રાષ્ટ્રીય સ્થાપક પ્રમુખ તરીકે તેમણે ડિજિટલ યુગમાં યુવાનો અને સમાજને સાચી દિશા આપવાનું તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી સકારાત્મક અને રચનાત્મક પરિવર્તન લાવવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે.

રાજકીય અને આધ્યાત્મિક સમન્વય: 'ભાજપ જૈન પ્રકોષ્ઠ' (મહારાષ્ટ્ર રાજ્ય)ના ઉપપ્રમુખ તરીકે તેમણે જૈન સમાજના ઉચ્ચ નૈતિક મૂલ્યો, અહિંસા, કરુણા અને સેવાના સિદ્ધાંતોને રાજકીય મુખ્યધારા સાથે જોડીને રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' તરફથી મંગલકામનાઓ

'નેતૃત્વ એવું હોય જે રાહ ચીંધે, વ્યક્તિત્વ એવું હોય જે પ્રેરણા બની જાય.'

રી કિશોર ભંડારીજીના આ જ પ્રેરણાદાયી નેતૃત્વ, બેબાક અંદાજ અને નિઃસ્વાર્થ સેવાભાવને 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાદર પ્રણામ કરે છે. ઈશ્વર પાસે પ્રાર્થના છે કે આપને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય, અસીમ ઊર્જા અને યશ-કીર્તિ પ્રદાન કરે, જેથી આપના માર્ગદર્શન હેઠળ સમાજ સેવા અને રાષ્ટ્ર કલ્યાણનો આ રથ નિરંતર આગળ વધતો રહે.

ફરી એકવાર, આદરણીય કિશોર ભંડારીજીને જન્મદિવસની સતરંગી શુભેચ્છાઓ!

# સપ્ટેમ્બરનું દિલ્હી બ્રિક્સ શિખર વિશ્વ માટે મહત્ત્વનું

વિશ્વમાં અમેરિકાના એકાધિકારની સામે હવે શક્તિશાળી દેશો એક થવા લાગ્યા છે. અમેરિકાના ડોલરથી માંડીને લશ્કરી આધિપત્ય હવે સંખ્યાબંધ દેશોને ખટકી રહ્યંy છે. આવામાં ભારત, રશિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના બ્રિક્સ સમૂહે ડોલરના એકચક્રી શાસનનો વિકલ્પ શોધવાની કમર કસી છે. આ સમૂહમાં હવે ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ પણ સભ્ય બન્યા છે. આ વગદાર દેશોના સમૂહનું શિખર સંમેલન અગામી સપ્ટેમ્બરમાં દિલ્હીમાં યોજવાનું છે તેના પર દુનિયાની અને તેમાં પણ ખાસ કરીને અમેરિકાની મીટ મંડાયેલી રહેશે. આ શિખર સંમેલનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાજરી આપે એવા સંકેત મળી રહ્યા છે. પુતિનનો સત્તાવાર કાર્યક્રમ પણ જાહેર થયો છે, તો જિનપિંગ પણ આ શિખર




સંમેલનમાં ભાગ લે એવી પૂરી શક્યતા છે. જો કે, હાલના ઈરાન જંગને લીધે બ્રિક્સમાં સાઉદી અરેબિયા અને યુએઈ હાજરી આપીને કેવું વલણ લેશે એ તો આવનારા સમયમાં સ્પષ્ટ થશે, પરંતુ દુનિયાના બે શક્તિશાળી નેતાઓ ભારત આવે તેવા સંજોગોએ ભારતના ચીન અને રશિયા સાથેના દ્વિપક્ષીય સંબંધોને નવો આકાર મળે એવા સંજોગો પણ રચાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, 2024માં રશિયામાં યોજાયેલા બ્રિક્સ શિખર સંમેલનમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના જિનપિંગ વચ્ચે વાટાઘાટો થઈ હતી, જે બન્ને દેશોના સંબંધોને સુધારવામાં ચાવીરૂપ બની રહી હતી. હવે દિલ્હીમાં યોજાઈ રહેલા આ ચાવીરૂપ સંમેલન દરમ્યાન દ્વિપક્ષીય મંત્રણાઓ યોજાશે તેનાથી ભારતના સભ્ય દેશો સાથેના સંબંધોને વધુ મજબૂત કરવામાં મદદ મળશે એવી આશા રખાઈ રહી છે. આ બ્રિક્સ સમૂહનું અધ્યક્ષપદ હાલે ભારત પાસે છે અને તેની રૂએ આગામી શિખર સંમેલન દિલ્હીમાં યોજવાની તૈયારી ચાલી રહી છે. આ સંદર્ભમાં આ મહિનામાં દિલ્હીમાં બ્રિક્સના વિદેશમંત્રીઓની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મધ્યપૂર્વ એશિયાની હાલની સ્ફોટક સ્થિતિને હળવી બનાવવાના પ્રયાસ પણ કરાયા હતા. જો કે, તેમાં કોઈ નોંધપાત્ર સફળતા સાંપડી ન હતી. આવનારા શિખર સંમેલન સુધી આ અસંમતિ દૂર કરીને વિશ્વ માટે ચાવીરૂપ સમંતિ સધાય એવા પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. હાલે બ્રિક્સ સમૂહની સામે યુક્રેનના જંગ તથા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના પ્રભાવની સામેના કોઈપણ પ્રયાસની સામે અપાઈ રહેલી ધમકીઓનો પડકાર છે. ટ્રમ્પ બ્રિક્સ સમૂહ ડોલરના વિકલ્પના એજન્ડમાં આગળ વધે તેમ ઈચ્છતા નથી. દુનિયા આખી ડોલરના વિકલ્પ માટે ઈચ્છુક છે ત્યારે મોદી, પુતિન અને જિનપિંગ સહિતના વિશ્વ નેતાઓ બ્રિક્સનાં સંમેલનમાં કોઈ નક્કર કાર્યયોજના ઘડી કાઢે તો તે એક ઐતિહાસિક સફળતા બની રહેશે. અહીં એ નોંધનીય છે કે, ગલ્ફ યુદ્ધ પછી દુનિયાના દેશો અનેકવિધ પડકારોનો સામનો કરી રહ્યા છે. યુદ્ધ અને ઈંધણની કટોકટીએ રાષ્ટ્રોની વિકાસ ગતિને બ્રેક મારી છે એવામાં બ્રિક્સ સંગઠન સમાધાનકારી ફોર્મ્યુલા ઘડી કાઢવાની રણનીતિ પર કામ કરી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બિનભરોસાપાત્ર નીતિ અને નિર્ણયોએ બગાડેલી સ્થિતિ સુધારવાનોય પડકાર છે. વિશ્વમાં અમેરિકાના એકાધિકારની સામે હવે શક્તિશાળી દેશો એક થવા લાગ્યા છે. અમેરિકાના ડોલરથી માંડીને લશ્કરી આધિપત્ય હવે સંખ્યાબંધ દેશોને ખટકી રહ્યંy છે. આવામાં ભારત, રશિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના બ્રિક્સ સમૂહે ડોલરના એકચક્રી શાસનનો વિકલ્પ શોધવાની કમર કસી છે. આ સમૂહમાં હવે ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ પણ સભ્ય બન્યા છે. આ વગદાર દેશોના સમૂહનું શિખર સંમેલન અગામી સપ્ટેમ્બરમાં દિલ્હીમાં યોજવાનું છે તેના પર દુનિયાની અને તેમાં પણ ખાસ કરીને અમેરિકાની મીટ મંડાયેલી રહેશે. આ શિખર સંમેલનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાજરી આપે એવા સંકેત મળી રહ્યા છે. પુતિનનો સત્તાવાર કાર્યક્રમ પણ જાહેર થયો છે, તો જિનપિંગ પણ આ શિખર સંમેલનમાં ભાગ લે એવી પૂરી શક્યતા છે. જો કે, હાલના ઈરાન જંગને લીધે બ્રિક્સમાં સાઉદી અરેબિયા અને યુએઈ હાજરી આપીને કેવું વલણ લેશે એ તો આવનારા સમયમાં સ્પષ્ટ થશે, પરંતુ દુનિયાના બે શક્તિશાળી નેતાઓ ભારત આવે તેવા સંજોગોએ ભારતના ચીન અને રશિયા સાથેના દ્વિપક્ષીય સંબંધોને નવો આકાર મળે એવા સંજોગો પણ રચાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, 2024માં રશિયામાં યોજાયેલા બ્રિક્સ શિખર સંમેલનમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના જિનપિંગ વચ્ચે વાટાઘાટો થઈ હતી, જે બન્ને દેશોના સંબંધોને સુધારવામાં ચાવીરૂપ બની રહી હતી. હવે દિલ્હીમાં યોજાઈ રહેલા આ ચાવીરૂપ સંમેલન દરમ્યાન દ્વિપક્ષીય મંત્રણાઓ યોજાશે તેનાથી ભારતના સભ્ય દેશો સાથેના સંબંધોને વધુ મજબૂત કરવામાં મદદ મળશે એવી આશા રખાઈ રહી છે. આ બ્રિક્સ સમૂહનું અધ્યક્ષપદ હાલે ભારત પાસે છે અને તેની રૂએ આગામી શિખર સંમેલન દિલ્હીમાં યોજવાની તૈયારી ચાલી રહી છે.

# શું અને ક્યાં ભણવું આ સવાલના જવાબ છે ક્યાં?

દર વર્ષે મે મહિનો આવે અને 'વારા પછી વારો ને મેં પછી ગારો' એ કહેવત મુજબ જૂનમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય. વાલીઓની ધમાચકડી- દોડાદોડી પોતાના સંતાનોના પ્રવેશ માટે શરૂ થાય. તેના દિલો દિમાગમા બધી જગ્યાએ પોતાના આશ્રિતની એક ગર્ભિત ચિંતા સતત અજંપો બનીને સાથે ચાલતી હોય. કારણ દરેક પોતાના સંતાનોનું ઉજવળ ભવિષ્ય ઈચ્છે પછી તે કુબામાં હોય કે હવેલીમાં હોય.

આપણે ત્યાં લગભગ તમામ વાલીઓને, વિશેષ કરીને જે શિક્ષિત એવા મા બાપોને એક ભૂત સવાર થઈને બેઠું છે કે મારો છોકરો દાક્તર અને ઈજનેર જ બને ! તો કોઈ વળી નવા સપનાઓ સજાવીને બેઠું છે કે આઈએએસ,આઈપીએસ કે ટેકનોક્રેટ કેમ ન બની શકાય! પણ આ બધાની વચ્ચે એક સવાલ એ આવે છે કે હવે શિક્ષણના સાર્વત્રિક ખાનગીકરણમાં તમારે નિર્ણય એ કરવાનો છે કે તમારી જીવનભરની બચત કોઈ હળવેકથી તમારાં ખિસ્સામાંથી સેરવી તો નથી લેતું ને ?! આ છેતરામણી પ્રક્રિયાનો ભાગ તમે બની જાવ જો બની જાવ છો તો કેવી રીતે બનો છો? આ સવાલો પણ દરેકને પોતાની જાત સાથે કરવા જોઈએ.



યાદ રાખીએ કે દરેક બાળકમાં કોઈને કોઈ પ્રકારનું કૌશલ્ય ઈશ્વર લઈને મોકલે છે. આ કૌશલ્યને તાલીમબદ્ધ કરવાનું શિક્ષણ જરૂર આપણે આપી શકીએ. પરંતુ આપણા સપનાઓ તેના પર લાદીને તેને દોજખમાં ન મૂકી શકીએ. એશો આરામ ભરી જિંદગીની કલ્પનાને છોડીને સંઘર્ષ અને મહેનતનો માર્ગ પસંદ કરવા માટે આપણે આપણી પેઢીને તૈયાર કરવી પડશે, તે આજે સમયની માંગ છે. તમારા બાળકની એબિલિટી કે ક્ષમતા નથી અને તમે 11- 12 સાયન્સ કે ઈજનેરી કે દાકતરી કોર્સમાં તમે તેને ધક્કો મારો છો એટલે તમે તમારી મૂડીને વેડફી રહ્યા છો. એટલું જ નહીં એ મૂડીમાંથી પરત કશું આવવાનું નથી.તમારી બચત એ ગુમાવવાનો વારો જરૂર આવવાનો છે આ વાત સૌ કોઈએ સમજવી જોઈએ.

આજે મેડિકલ, એન્જિનિયરિંગ અને બાકીના વ્યવસાયિક અભ્યાસક્રમોની ફી ખૂબ તોતિંગ છે. તમે મેડિકલમાં તમારા સંતાનને દાખલ કરો તો ખાનગી મેડિકલની ફી વાર્ષિક રૂપિયા 3 લાખથી 8 લાખ સુધીની છે. એટલે કે તમે ચાર વર્ષમાં ઓછામાં ઓછા 12 લાખ રૂપિયા ફી ભરો છો.અન્ય ખર્ચને તેમાં ઉમેરી દો તો તમે આટલા સમયમાં તમારા સંતાન પાછળ ઓછામાં ઓછું 15 લાખનું રોકાણ કરો છો. આ રોકાણમાંથી કોઈ આઉટ કમ થવાનું છે કે કેમ તેનો જરા વિચાર કરવાની બહુ જરૂર છે.કારણ કે ઈજનેર હોય કે ડોક્ટર આજે સાંપ્રત 2026ના વર્ષની વાત કરીએ તો ગુજરાતમાં મેડિકલની સીટ લગભગ 7500 છે અને તેની કોલેજોની સંખ્યા 43 છે બધી સીટો ભરાઈ જાય છે.આ સિલસિલો 10 વર્ષથી ચાલુ છે. તેનો અર્થ એ થયો કે આજે ગલી અને મહોલ્લાઓમાં ડોક્ટરો ઉપલબ્ધ છે.જનરલ પ્રેક્ટિસનરોની સંખ્યા એટલાં મોટાં પ્રમાણમાં વધી છે કે તેને પેટપૂજાના પણ ફાંફા છે. તો આવતા પાંચ વર્ષ પછી શું થશે ?! એ જ રીતે ઈજનેરી કોર્સમાં પણ ગુજરાતમાં 71,059 સીટો છે અને તેની ફી પણ એ જ રીતે લગભગ ત્રણ લાખની આસપાસ થાય છે ત્યાં પણ એટલો જ ખર્ચ છે. પણ સને 2024 માં આ 137 ઈજનેરી કોલેજોની બેઠકો પૈકીની માત્ર 40,176 બેઠકો માં વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો એનો અર્થ એવો થયો કે લોકોને હવે ઈજનેરીમાં રસ રહ્યો નથી. કારણ કે આટલાં મોટા પ્રમાણમાં પોતાના નાણા ખર્ચીને જો તેનું પરિણામ કશું મળવાનું ન હોય અને માત્ર પાયમલ જ થવાનું હોય તો શા માટે આ કરવું, એ દિશામાં જવું!!

મારી સામે એક દાખલો છે કે એક વિદ્યાર્થી નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. લગભગ 20 -22 લાખ રૂપિયા તેમના વાલી ચાર વર્ષમાં ખર્ચે છે.તેમની કદાચ તેના માટે એટલી ત્રેવડ નહોતી તો પણ તે તાણીતુણીને એટલો ખર્ચ કરે છે પરિણામે એ આવે છે કે ઈજનેર થઈને જ્યારે બહાર આવે છે તો વિદ્યાર્થી 15- 20 હજારની નોકરી માટે ફાંફાં મારે છે.આખરે તે પોતાના પિતાજીના વ્યવસાયમાં જોડાઈ જાય છે.તમે 22 લાખ રૂપિયા ખર્ચીને પણ જો આ જ કરવાના હો તો તમારા રૂપિયાનું એક રીતે પાણી થયું કહેવાય તો શા માટે તમે વાણિજ્ય,વિજ્ઞાન કે કલાના સ્નાતક થઈને આ વ્યવસાયમાં ન જોડાયા !?

એવો અભ્યાસક્રમ પસંદ કરો કે જે તમારો બાળક બહાર આવીને ખરા અર્થમાં કારકિર્દી બનાવી શકશે.એ વ્યવસાયની સ્થિતિ ત્યારે શું હશે તેનો જરા વિચાર કરવો.નંબર બે હવે યુગ એ વાઈટ કોલર જોબ માટેનો પૂરો થયો છે.તમારે સંઘર્ષ અને સામર્થ્ય બંને માટે તૈયાર રહેવું જોઈશે.આપણાં બાળકને નાનપણથી તે માટે તૈયાર કરવા પડશે. બ્લુ કલર એટલે કે મહેનતકશ કહી શકાય એવી નોકરીઓ કે વ્યવસાય પર તેમણે પસંદગી ઉતારવી પડશે. પશ્ચિમના દેશો આજે આ જ દિશામાં મહત્વનું કામ કરી રહ્યાં છે.આપણે ત્યાં મેકોલોની શૈક્ષણિક પદ્ધતિ જેને આપણે કારકુની કોલેજો તરીકે ઓળખીએ છીએ તેને હવે બંધ કરીને એક દિશા આપણે નક્કી કરવાની જરૂર છે. અહીં એ વાતનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ કે સને 2009-10 માં ગુજરાતમાં 450 જેટલી પ્રાથમિક શિક્ષક તાલીમી કોલેજો હતી પણ સમય બદલાઈ ગયો એ બધા જ લોકો આટલા નાણાં ખર્ચીને રોડ પર આમથી આમ ભટકતા રહ્યાં.આજે હવે કોલેજની સંખ્યા માત્ર 95 બચી છે એટલે કે માંગ અને પુરવઠા પર પણ આપણે ધ્યાન આપવાની આવશ્યકતા રહે છે.

તમામ સાથીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને તેમની કારકિર્દીની હાર્દિક શુભકામનાઓ.

**- તખુભાઈ સાંડસુર**

# ઝાંગ યિમિંગ એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ

વિશ્વના ટેકનોલોજી ક્ષેત્રમાં સતત બદલાતા પરિદ્રશ્ય વચ્ચે ચીનની મોટી ટેક કંપની Zhang Yiming ફરી એકવાર વૈશ્વિક ચર્ચામાં આવી છે. તાજેતરના Bloomberg Billionaires Index (3 જૂન 2026) અનુસાર ઝાંગ યિમિંગ હવે એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. તેમની કુલ સંપત્તિ અંદાજે $92.8 અબજ સુધી પહોંચી છે. આ ફેરફાર સાથે ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ Mukesh Ambani હવે ત્રીજા સ્થાને ખસી ગયા છે. તેમની કુલ સંપત્તિ આશરે $86.9 અબજ દર્શાવવામાં આવી રહી છે. લાંબા સમયથી એશિયાની ધનિકોની યાદીમાં ટોચના સ્થાને રહેલા અંબાણી માટે આ મોટો ફેરફાર માનવામાં આવી રહ્યો છે. જ્યારે એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે હજુ પણ ભારતના ઉદ્યોગપતિ Gautam Adani પ્રથમ સ્થાને છે, જેમની કુલ સંપત્તિ આશરે $117.4 અબજ સુધી પહોંચી છે. ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંને ક્ષેત્રમાં તેમની સંપત્તિ સ્થિર રીતે ઊંચી રહી છે. ઝાંગ યિમિંગ કોણ છે? ઝાંગ યિમિંગ ચીનના ટેક ઉદ્યોગના સૌથી પ્રભાવશાળી ઉદ્યોગપતિઓમાંના એક ગણાય છે. તેઓ ByteDanceના સહ-સ્થાપક છે, જે આજના સમયમાં વિશ્વની સૌથી મોટી પ્રાઈવેટ ટેક કંપનીઓમાંની એક બની ગઈ છે. 2012માં સ્થાપિત આ કંપની શરૂઆતમાં એક સામાન્ય ટેક સ્ટાર્ટઅપ હતી, પરંતુ થોડા જ વર્ષોમાં તેણે વૈશ્વિક સ્તરે અદભૂત વિકાસ કર્યો. ખાસ કરીને તેની શોર્ટ વીડિયો એપ TikTokએ દુનિયાભરમાં કરોડો નહીં પરંતુ અબજો યુઝર્સ મેળવી લીધા છે. ઝાંગ યિમિંગ હાલ કંપનીના દૈનિક સંચાલનથી દૂર છે, પરંતુ તેઓ હજુ પણ કંપનીમાં મોટા શેરહોલ્ડર છે, જેના કારણે કંપનીના દરેક વિકાસ સાથે તેમની વ્યક્તિગત સંપત્તિમાં પણ મોટો વધારો થાય છે. ByteDance કેવી રીતે બની વૈશ્વિક ટેક પાવર? ByteDance આજે માત્ર સોશિયલ મીડિયા કંપની નથી રહી, પરંતુ એક સંપૂર્ણ ડિજિટલ ઈકોસિસ્ટમ બની ગઈ છે. કંપનીના પ્રોડક્ટ્સમાં કન્ટેન્ટ પ્લેટફોર્મ, AI સિસ્ટમ્સ અને ડેટા આધારિત એડવર્ટાઈઝિંગ નેટવર્કનો સમાવેશ થાય છે. કંપનીની મુખ્ય શક્તિ તેનો અલ્ગોરિધમ આધારિત કન્ટેન્ટ રેકમેન્ડેશન સિસ્ટમ છે, જે યુઝર્સને તેમની પસંદગી મુજબ કન્ટેન્ટ બતાવે છે. આ ટેકનોલોજી જ TikTokને વિશ્વમાં સૌથી



લોકપ્રિય એપ્લિકેશન્સમાંથી એક બનાવે છે. રિપોર્ટ્સ મુજબ ByteDanceનું કુલ મૂલ્યાંકન હવે $400 અબજથી વધુ સુધી પહોંચી ગયું છે. આ આંકડો તેને વિશ્વની સૌથી મૂલ્યવાન પ્રાઈવેટ ટેક કંપનીઓની યાદીમાં આગળ રાખે છે. સંપત્તિમાં અચાનક ઉછાળો કેમ આવ્યો? ઝાંગ યિમિંગની સંપત્તિમાં આવેલા આ મોટા ઉછાળાને કેટલાક મહત્વપૂર્ણ પરિબળો જવાબદાર છે. સૌથી પહેલું કારણ એ છે કે ByteDanceનું વૈશ્વિક મૂલ્યાંકન સતત વધી રહ્યું છે. રોકાણકારો કંપનીના ભવિષ્યને ખૂબ મજબૂત માને છે, ખાસ કરીને AI અને સોશિયલ મીડિયા ક્ષેત્રમાં. બીજું કારણ કંપનીની મજબૂત આવક છે. 2025માં કંપનીએ અંદાજે $50 અબજ જેટલો નફો કમાવ્યો હોવાનું જણાવાયું છે, જે ટેક કંપની માટે અત્યંત મોટો આંકડો છે. ત્રીજું કારણ TikTokના આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સ્થિરતા છે. અમેરિકા સહિતના બજારોમાં નિયમનાત્મક દબાણ ઓછું થતાં રોકાણકારોનો વિશ્વાસ ફરી વધ્યો છે.

પાક્કો ગુજરાત

ગુરુવાર | 04 જૂન 2026 | અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 12 વર્ષના સફળ અને સંનિષ્ઠ કાર્યકાળ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરને વધાવવા માટે

# પંચમહાલ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં 5 જૂનથી 21 જૂન દરમિયાન સ્વચ્છતાનો સંદેશ ગુંજશે

■ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માર્ગો, સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને જળાશયોની સફાઈ માટે સઘન આયોજન: જનપ્રતિનિધિઓ અને નાગરિકો જોડાશે



પંચમહાલ, સેહજાદ પઠાણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ અને સંનિષ્ઠ કાર્યકાળ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરને વધાવવા માટે પંચમહાલ જિલ્લામાં એક વ્યાપક અને સઘન 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી.એમ.દેસાઈના માર્ગદર્શન હેઠળ આગામી તારીખ ૦૫ જૂન થી ૨૧ જૂન ૨૦૨૬ દરમિયાન સમગ્ર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના નાગરિકો, જનપ્રતિનિધિઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓ તથા કર્મયોગીઓના સક્રિય સહયોગથી સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમો હાથ ધરીને પર્યાવરણની જાળવણીનો મજબૂત સંકલ્પ કરવામાં આવશે.

આ અભિયાનનો પ્રારંભ ૦૫ જૂનના રોજ જિલ્લા કક્ષાના 'સ્વચ્છતા અભિયાન' અને 'મિશન લાઈફ કેમ્પેઈન'ના લોન્ચિંગ સાથે થશે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, પ્રારંભિક તબક્કામાં બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન અને જાહેર રસ્તાઓની સફાઈ કરવામાં આવશે. ત્યારબાદ ક્રમશઃ સામુદાયિક શૌચાલયોનું સાફ સફાઈ તથા જરૂરી સમારકામ, તમામ શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને આંગણવાડી કેન્દ્રોમાં સઘન સફાઈ અભિયાન હાથ ધરાશે. આ આયોજનમાં માત્ર ભૌતિક સફાઈ જ નહીં, પરંતુ સરકારી કચેરીઓના રેકોર્ડ વર્ગીકરણ અને ભંગારના નિકાલ જેવી વહીવટી શુદ્ધતાની પ્રક્રિયાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

અભિયાનના મધ્ય તબક્કા દરમિયાન જિલ્લાના મુખ્ય માર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, પોલીસ લાઈન અને કોર્ટ સંકુલોની સફાઈ કરવામાં આવશે. વિશેષ રૂપે, જિલ્લાના ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વ ધરાવતા સ્થળો, મ્યુઝિયમો અને મહાપુરુષોની પ્રતિમાઓની ગરિમા જળવાય તે રીતે સફાઈ કામગીરી કરાશે. જળ સંરક્ષણના ભાગરૂપે તળાવો, નદીઓ અને પીવાના પાણીના સ્ત્રોતોની આસપાસની સફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, ધાર્મિક સ્થળો, પ્રવાસન ધામો અને શાકભાજી માર્કેટ જેવા જાહેર સ્થળોએ ભીના અને સૂકા કચરાના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

અભિયાનના અંતિમ દિવસોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રત્યે જનજાગૃતિ લાવવા અને કલેક્શન ડ્રાઈવના વિશેષ કાર્યક્રમો યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અભિયાનમાં એન.સી.સી., એન.એસ.એસ., સખી મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓને જોડાઈને પંચમહાલને સ્વચ્છ અને સુંદર બનાવવા અપીલ કરવામાં આવી છે.

છોટાઉદેપુરના બોડેલીમાં ડિજિટલ ક્રાંતિ

# આધુનિક સુવિધાઓથી સજ્જ 'અપગ્રેડેડ જનસેવા કેન્દ્ર'નું કલેક્ટરના હસ્તે લોકાર્પણ

બોડેલી/છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી સેવાસદન ખાતે સ્થાનિક નાગરિકોની સુવિધા માટે એક મહત્વપૂર્ણ વહીવટી કદમ ઉઠાવવામાં આવ્યું છે. બોડેલી સેવાસદન ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ અને નવા રંગરૂપ સાથે તૈયાર કરાયેલા 'અપગ્રેડેડ જનસેવા કેન્દ્ર'નું જિલ્લા કલેક્ટરના હસ્તે વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અદભુત કેન્દ્રના પ્રારંભથી હવે બોડેલી સહિત આસપાસના અંતરિયાળ વિસ્તારના હજારો નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ વધુ સરળતા, ઝડપ અને સંપૂર્ણ પારદર્શિતાથી ઘરઆંગણે જ ઉપલબ્ધ બનશે.

લોકાર્પણના આ વિશેષ પ્રસંગે જિલ્લા કલેક્ટરે નવનિર્મિત જનસેવા કેન્દ્રમાં ઉપલબ્ધ કરાયેલી વિવિધ સુવિધાઓ અને ટેકનોલોજીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની જનકેન્દ્રિત અને પ્રગતિશીલ કામગીરી અંતર્ગત છેવાડાના નાગરિકોને પણ સમયસર અને ગુણવત્તાસભર સેવાઓ કોઈ પણ પ્રકારની અગવડ વિના મળી રહે તે માટે આખું વહીવટી તંત્ર કટિબદ્ધ છે. આ અપગ્રેડેડ જનસેવા કેન્દ્ર શરૂ થતાં હવે સ્થાનિક આદિવાસી અને ગ્રામીણ નાગરિકોને આવકના દાખલા, જાતિના



પ્રમાણપત્રો તેમજ અન્ય મહત્વના સરકારી દસ્તાવેજો મેળવવા માટે જુદી-જુદી કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે. તમામ સેવાઓ હવે 'સિંગલ વિન્ડો' એટલે કે એક જ સ્થળે ઉપલબ્ધ થતાં અરજદારોના સમય અને નાણાં બંનેની મોટી બચત થશે. તંત્રના આ પ્રશંસનીય કાર્યને બોડેલી અને આસપાસના રહીશોએ હર્ષભેર આવકાર્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ આધુનિક કેન્દ્ર સરકારી સેવાઓને વધુ સુલભ અને વચેટિયા મુક્ત બનાવવામાં માઈલસ્ટોન સાબિત થશે.

# બોડેલી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

બોડેલી, ઇમરાન મિર્ઝા

બોડેલી પોલીસે વિદેશી દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂ. 3.12 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ બોડેલી પોલીસને બાતમી મળી હતી કે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા મગનપુરા ગામના પાટિયા નજીક વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન રોડ પરથી પસાર થતી એક સ્કૂટીને રોકી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્કૂટીમાં ભરેલા વિદેશી દારૂના 1,200 ટીન, એક સ્કૂટી અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. 3,12,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે બે આરોપીઓની અટકાયત




કરી તેમની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જિલ્લામાં ગેરકાયદેસર દારૂના વેપાર અને હેરાફેરી સામે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે આગામી દિવસોમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

પદગ્રહણ પ્રસંગે ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા

# ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખનો પદગ્રહણ સમારંભ સંપન્ન

## સુરેશભાઈ કટારા અને તેજલબેન ભાભોરે શુભ મુહૂર્તમાં સંભાળ્યો પદભાર, સૌના સહકારથી સર્વાંગી વિકાસની વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

દાહોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ તરીકે સુરેશભાઈ ખીમાભાઈ કટારા તથા ઉપપ્રમુખ તરીકે તેજલબેન માનસિંગભાઈ ભાભોરનો વિધિવત પદગ્રહણ સમારંભ આજે ધાર્મિક વિધિ અને શુભ મુહૂર્ત સાથે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પૂજા-અર્ચના સાથે કરવામાં આવી હતી અને ત્યારબાદ બંને હોદ્દેદારોએ પોતાના પદનો સત્તાવાર કાર્યભાર સંભાળ્યો હતો.

પ્રમુખ સુરેશભાઈ કટારાએ પંચમુખી માંડલેશ્વર મહાદેવની પ્રતિમા સ્થાપિત કરી ભગવાન ભોળાનાથના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ધાર્મિક વાતાવરણ વચ્ચે યોજાયેલા આ સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો અને કાર્યકર્તાઓએ નવા પ્રમુખ અને ઉપપ્રમુખને શુભેચ્છાઓ પાઠવી હતી. પદગ્રહણ પ્રસંગે ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા, ભાવસિંહ વાઘેલા,



પંકજ અગ્રવાલ, ભરત શ્રીમાળી, ભાજપ ઝાલોદ તાલુકા પ્રમુખ સુરેશ ભાભોર, ઝાલોદ નગરપાલિકાના કાઉન્સિલરો, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો તથા વિવિધ આગેવાનો ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. પદગ્રહણ બાદ પોતાના સંબોધનમાં પ્રમુખ સુરેશભાઈ કટારા અને ઉપપ્રમુખ તેજલબેન ભાભોરે જણાવ્યું હતું કે ઝાલોદ તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તારોનો સમાન અને સંતુલિત વિકાસ તેમની પ્રથમ પ્રાથમિકતા રહેશે. કોઈપણ પ્રકારના દ્વેષભાવ, વેરઝેર કે ભેદભાવ વગર વિકાસના કાર્યો કરવામાં આવશે. પક્ષ કે વિપક્ષના ભેદભાવ વિના તમામ જનપ્રતિનિધિઓ અને નાગરિકોને સાથે રાખી તાલુકાના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવામાં આવશે તેવી બાંહેધરી તેમણે વ્યક્ત કરી હતી. નવા પ્રમુખ અને ઉપપ્રમુખના પદગ્રહણને લઈને ભાજપના કાર્યકર્તાઓ તેમજ તાલુકાના નાગરિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ઉપસ્થિત આગેવાનોએ નવી ટીમના નેતૃત્વ હેઠળ ઝાલોદ તાલુકામાં વિકાસના નવા આયામો સર્જાશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ગ્રામજનોએ ઉચ્ચસ્તરીય તપાસની કરી માંગ

# પોશીનાના દંત્રાલમાં ચેકડેમના કામની આડમાં ગેરકાયદેસર રેતી ખનનનો આક્ષેપ

ઈડર, જાકીર મેમણ

પોશીના તાલુકાના દંત્રાલ ગામ નજીક આવેલી નદીના ઉપરવાસ વિસ્તારમાં ચેકડેમના સાઈડ સશક્તિકરણના કામની આડમાં મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન અને વેચાણ થતું હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. ગ્રામજનોએ ખાણ-ખનિજ વિભાગના કેટલાક અધિકારીઓ અને ખનન માફિયાઓ વચ્ચે સંભવિત મિલીભગત હોવાનો પણ આક્ષેપ કર્યો છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી રાત્રિનાસમયે ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરવામાં આવી રહ્યું છે.




દરરોજ રાત્રે અંદાજે 40થી 45 ટ્રકોમાં રેતી ભરી અન્ય સ્થળોએપહોંચાડવામાં આવતી હોવાનું જણાવવામાં આવ્યું છે. આપ્રવૃત્તિના કારણે સરકારને લાખો રૂપિયાની રોયલ્ટીનું નુકસાન થઈરહ્યું હોવાની સાથે નદીના કુદરતી પર્યાવરણને પણ ભારે અસરપહોંચી રહી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. ગ્રામજનોના આક્ષેપ મુજબ સમગ્ર પ્રવૃત્તિ ખાણ-ખનિજ વિભાગના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને 'અમરત' નામના વ્યક્તિની સાંઠગાંઠથી ચાલી રહી છે. આટલા મોટા પાયે રાત્રિના સમયે ટ્રકોની અવરજવર થતી હોવા છતાં સંબંધિત વિભાગ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં ન આવતાં તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.સ્થાનિક આદિવાસી પરિવારોમાં પણ આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓનું કહેવું છે કે સામાન્ય ગરીબ વ્યક્તિ દ્વારા ઓછી માત્રામાં રેતીનું પરિવહન કરવામાં આવે ત્યારે તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે છે, જ્યારે મોટા પાયે ચાલી રહેલા ખનન અને પરિવહન સામે મૌન ધારણ કરવામાં આવે છે. તમામ માટે સમાન અને પારદર્શક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી તેમની માંગ છે. ગામલોકોએ સમગ્ર મામલાની નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદાર લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે જ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં ગેરકાયદેસર ખનન બંધ કરાવી યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

રેતી ભરેલા વાહનોના અતિશય દબાણને કારણે પુલની સ્થિતિ નબળી બની

# તેજગઢ-ઝોઝ રોડ પર રેલવે ગરનાળાના સાઇડની એંગલ તૂટી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ-ઝોઝ માર્ગ પર આવેલા રેલવે ગરનાળાના સાઈડમાં લગાવવામાં આવેલી લોખંડી એંગલ તૂટી જતાં પુલના એક ભાગને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તેમજ રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર સતત વધી રહી છે. ખાસ કરીને રેતી ભરેલા વાહનોના અતિશય દબાણને કારણે પુલની સ્થિતિ નબળી બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પુલના સાઈડનો ભાગ તૂટી જતાં અકસ્માતનો ભય પણ સર્જાયો છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વિસ્તારમાં ચાલી રહેલા રેતી ખનન અને રેતી ભરેલા ભારે વાહનોની અવરજવરના કારણે જાહેર માર્ગો અને પુલોને નુકસાન પહોંચી રહ્યું છે, જેના કારણે સામાન્ય નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોએ સંબંધિત વિભાગ અને તંત્ર સમક્ષ માંગ કરી છે કે તૂટેલી એંગલ અને ક્ષતિગ્રસ્ત ભાગનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેમજ માર્ગની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય અકસ્માત ન સર્જાય.



ડભોઈ સાર્વજનિક પાંજરાપોળનો વહીવટ કથળ્યો

# કતલખાનેથી બચાવેલા 15 પશુઓને આશ્રય ન મળતા ભારે આક્રોશ વ્યાપ્યો

## ભરૂચથી લવાયેલા પશુઓને રાખવાનો ઇનકાર કરાતા જીવદયા પ્રેમીઓ નિરાશ

ડભોઈ, ફકીરા ખત્રી

ડભોઈની ઐતિહાસિક અને સૌથી મોટી સાર્વજનિક પાંજરાપોળનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી અત્યંત કથળેલી સ્થિતિમાં પહોંચી ગયો છે. તાજેતરમાં જ ભરૂચ જિલ્લામાંથી જીવદયા પ્રેમીઓ કતલખાને જતા ૧૫ જેટલા મૂંગા પશુઓને આબાદ બચાવીને, ૬૦ કિલોમીટર દૂર ડભોઈ પાંજરાપોળ ખાતે લાવ્યા હતા. પરંતુ, પાંજરાપોળના સત્તાધીશો દ્વારા આ પશુઓ સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવતા જીવદયા પ્રેમીઓમાં ભારે નારાજગી અને આક્રોશ ફાટી નીકળ્યો છે. કતલખાનેથી મહામુશ્કેલીએ બચેલા આ મૂંગા પશુઓને હવે ક્યાં રાખવા, તે મોટો પ્રશ્ન ઊભો થયો છે.

આ સમગ્ર અવ્યવસ્થા પાછળ વહીવટી તકરાર જવાબદાર હોવાનું સામે આવ્યું છે. સંયુક્ત ચેરિટી કમિશનરમાં છેલ્લા ૫-૫ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે




અને માત્ર વચગાળાના હુકમ (ઈન્ટરિમ ઓર્ડર) પર જ પાંજરાપોળનો વહીવટ ધકેલાઈ રહ્યો છે. હજુ સુધી કોઈ કાયમી કે નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક કરવામાં આવી નથી. વહીવટી ગૂંચને કારણે અહીં કામ કરતા કર્મચારીઓના પગાર પણ લાંબા સમયથી વધ્યા નથી, જેના લીધે હવે નવા માણસો કામ કરવા તૈયાર નથી. સ્ટાફની તીવ્ર તંગીના બહાને નવા પશુઓને રાખવાની ના પાડવામાં આવી રહી છે, જે પશુઓની સારસંભાળ સામે મોટું સંકટ દર્શાવે છે. જીવદયા પ્રેમીઓ અને સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે ચેરિટી કમિશનર દ્વારા તાકીદે નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક કરવામાં આવે જેથી કર્મચારીઓના પ્રશ્નો ઉકેલાય. આ વિકટ પરિસ્થિતિમાં મૂંગા પશુઓ ફરી કતલખાને ન ધકેલાય તે માટે અન્ય ગાય પ્રેમીઓ અને સામાજિક સંસ્થાઓ તાત્કાલિક આગળ આવે તેવી લોક માંગ ઉઠી છે.

10મી જૂન સુધીમાં અરજીઓ સ્વીકારાશે

# પંચમહાલ જિલ્લામાં 25મી જૂને યોજાશે જિલ્લા સ્વાગત કાર્યક્રમ

પંચમહાલ, સેહજાદ પઠાણ

પંચમહાલ જિલ્લાના નાગરિકો માટે પોતાના વણઉકેલાયેલા પ્રશ્નો અને ફરિયાદોના ઝડપી નિવારણ માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આગામી ૨૫ મી જૂન, ૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગોધરા સ્થિત કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના નાગરિકો પોતાની ન્યાયિક રજૂઆતો સીધી વહીવટી તંત્ર સમક્ષ મૂકી શકશે.

કલેક્ટર કચેરીની સત્તાવાર યાદી મુજબ, અરજદારોએ પોતાના પ્રશ્નો આગામી ૧૦ મી જૂન, ૨૦૨૬ સુધીમાં સંબંધિત કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓનો આ માસના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

આ કાર્યક્રમમાં અરજી કરવા માટે કેટલાક મહત્વના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. અરજદારે એક અરજીમાં માત્ર એક જ પ્રશ્ન કે ફરિયાદની રજૂઆત કરવાની રહેશે. અરજીના કવર તેમજ અરજી ઉપર 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' એવું સ્પષ્ટ અક્ષરે લખવું ફરજિયાત છે. આ સાથે અરજીમાં અરજદારનું પૂરું નામ, સરનામું અને મોબાઈલ નંબર દર્શાવવો જરૂરી છે.

મહત્વની બાબત એ છે કે, જિલ્લા કક્ષાના સ્વાગતમાં અરજી કરતા પહેલાં અરજદારે જે તે પ્રશ્ન અંગે અગાઉ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં અથવા સંબંધિત કચેરીના જવાબદાર અધિકારીને રજૂઆત કરેલી હોવી જોઈએ અને તે રજૂઆતની નકલ પણ અરજી સાથે જોડવાની રહેશે. કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન કે સેવાકીય બાબતોના પ્રશ્નો આ કાર્યક્રમમાં સ્વીકારવામાં આવશે નહીં.

30 દિવસમાં ઉકેલ નહીં તો કરો યા મરોની લડાઈ

# ઝાલોદ : દિલ્હી-મુંબઈ કોરિડોરથી ત્રસ્ત 14 ગામોના આદિવાસી ખેડૂતોનું અલ્ટીમેટમ

દાહોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવેથી પ્રભાવિત ૧૪ ગામોના આદિવાસી ખેડૂતોની વર્ષોથી ચાલતી સમસ્યાઓને લઈ ઝાલોદ પ્રાંત કચેરી ખાતે એક મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં હાઈવે ઓથોરિટી, વીજ વિભાગ અને પાણી પુરવઠા વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

છેલ્લા ચાર વર્ષથી હાઈવે નિર્માણના કારણે આસપાસના ગામોમાં વરસાદી પાણીના નિકાલની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. અનેક ખેતરોમાં પાણી ભરાઈ રહેતા પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે અને ખેતીલાયક જમીનો બિનઉપયોગી બની રહી છે, જેને કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બેઠક દરમિયાન ખેડૂતોના પ્રતિનિધિઓએ વરસાદી પાણીના નિકાલ, ખેતરના રસ્તા, વીજ લાઈન, અન્ડરપાસ અને ઓવરબ્રિજની અછત જેવા પ્રશ્નો ઉગ્ર રીતે રજૂ કર્યા હતા.




ખેડૂતોની રજૂઆતો સાંભળ્યા બાદ પ્રાંત અધિકારીએ કડક વલણ અપનાવી તમામ વિભાગોને તાત્કાલિક સ્થળ મુલાકાત લેવા આદેશ કર્યો છે. આગામી ૪ જૂન, ૨૦૨૬ના રોજ તમામ ૧૪ ગામોમાં સરકારી વિભાગો દ્વારા સંયુક્ત સર્વે હાથ ધરી વાસ્તવિક સ્થિતિના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, ખેડૂત આગેવાન મુકેશ ડાંગીએ પ્રસ્તાવિત એરપોર્ટ અને જી.આઈ.ડી.સી. યોજનાઓનો પણ જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિકાસના નામે આદિવાસીઓની ઉપજાઉ જમીનો છીનવવાની પ્રક્રિયા વિનાશકારી સાબિત થશે. જમીન એ આદિવાસીઓનું અસ્તિત્વ છે અને તેને બચાવવા આરપારની કાયદાકીય લડાઈ લડાશે. ગ્રામજનોએ તંત્રને છેલ્લી ચીમકી આપતા સ્પષ્ટ કર્યું છે કે જો આગામી ૩૦ દિવસમાં આ તમામ મૂળભૂત પ્રશ્નોનો કાયમી ઉકેલ નહીં આવે, તો સમગ્ર વિસ્તારના ખેડૂતો કરો યા મરોની લડાઈ સાથે ઉગ્ર આંદોલન કરશે. હવે માત્ર આશ્વાસનો નહીં પરંતુ જમીન પર કામગીરી જ સ્વીકાર્ય રહેશે.



### કાર્યસ્થળ પર બાળકો માટે પ્લે રૂમ કેમ નહીં? કંગનાનો સવાલ

# ‘વર્કિંગ મધર્સને મેટરનિટી લીવ મળે છે, વર્ક પ્લેસમાં સપોર્ટ નહીં’ કંગનાએ ઉઠાવ્યા સવાલ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત આજકાલ પોતાની આગામી ફિલ્મ ‘ભારત ભાગ્ય વિધાતા’ ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી ગિરીજા ઓક અને સ્મિતા તાંબે પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તાજેતરમાં જ એક પ્રમોશનલ ઈન્ટરવ્યુ દરમિયાન, જ્યારે સેટ પર સ્મિતાની પુત્રીને સમય વિતાવવાની મંજૂરી આપવાની વાત આવી, ત્યારે કંગનાએ કામકાજી માતાઓ (Working Mothers) ને કાર્યસ્થળ પર પૂરતો સપોર્ટ ન મળવા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે ત્રણેય અભિનેત્રીઓને પૂછવામાં આવ્યું કે હાલમાં તેમના મનમાં શું ચાલી રહ્યું છે, ત્યારે સ્મિતા તાંબેએ એક માતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું, “મારા મનમાં હંમેશા એ જ ચાલતું હોય છે કે મારી દીકરી સમયસર ઊંઘી ગઈ કે નહીં. જો તે મોડી ઊંઘશે તો મોડી ઉઠશે અને આ આખું ચક્ર ચાલતું રહેશે. એક માતા 24 કલાક નહીં, પણ 48 કલાક એક્ટિવ રહે છે.” આ વાત પર જ્યારે ઈન્ટરવ્યુઅરે મજાકમાં કંગના રનૌતને તેમના સંસદીય ક્ષેત્ર ‘મંડીની માતા’ કહીને સંબોધ્યા, ત્યારે કંગનાએ હસતાં હસતાં પોતાની જાતને ‘જગત જનની’ ગણાવી દીધી હતી. કાર્યસ્થળ પર બાળકો માટે પ્લે રૂમ કેમ નહીં? કંગનાનો સવાલ કંગનાએ સેટ પરના પોતાના અનુભવો શેર કરતા જણાવ્યું કે, “સ્મિતાની દીકરી શૂટિંગના સેટ પર આવતી હતી અને ત્યાં રમતી હતી, જે જોવું ખૂબ જ અદભુત હતું. આપણે અવારનવાર ઓફિસો કે સેટ પર પ્રેયર રૂમ (પ્રાર્થના ખંડ) કે અન્ય સુવિધાઓની વાત કરીએ છીએ, પરંતુ બાળકો માટે અલગથી કોઈ રૂમ કેમ નથી હોતો?” તેણે આગળ ઉમેર્યું કે, “હું હંમેશા જોઉં છું કે સરકારી નોકરી કરતી મહિલાઓને 6 મહિનાની મેટરનિટી લીવ (પ્રસૂતિ રજા) મળે છે. પરંતુ તે પછી જો તે પોતાના બાળકને કામ પર સાથે લાવવા માંગે, તો તેમના માટે કોઈ પ્લે રૂમ હોતો નથી. હવે સરકાર પણ અનામત (રિઝર્વેશન) દ્વારા મહિલાઓને વર્કફોર્સમાં લાવવા માંગે છે, પરંતુ આવી સુવિધાઓ વિના મહિલાઓ માટે કરિયર બનાવવું મુશ્કેલ બનશે. તેમણે પરિવાર અને કરિયર વચ્ચે કોઈ એકની પસંદગી કરવા માટે મજબૂર થવું પડશે. વર્કિંગ મધર્સને સિસ્ટમ તરફથી વધુ સપોર્ટની જરૂર છે.” કંગનાની આ વાત સાથે ગિરીજા ઓકે પણ સહમતી દર્શાવતા ઉમેર્યું કે, પરિવાર અને કરિયર વચ્ચે પસંદગી કરવી પડે તે ખૂબ જ દુઃખદ બાબત છે. આ ફિલ્મમાં કંગના, સ્મિતા અને ગિરીજા ઉપરાંત ઈશા ડે, પ્રિયા બેર્ડે અને અમૃતા નામદેવ જેવા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

**કંગના રનૌત આજકાલ પોતાની આગામી ફિલ્મ ‘ભારત ભાગ્ય વિધાતા’ ના પ્રમોશનમાં વ્યસ્ત છે**

# મની લોન્ડરિંગ કેસમાં જેકલીન કોર્ટ પહોંચી

## ઠગ સુકેશ સાથે સંડોવણીના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા; સુનાવણી પૂરી થતાં મોં છુપાવીને રવાના

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસ 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં બુધવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થઈ. કોર્ટમાં સુનાવણી દરમિયાન એક્ટ્રેસે પોતાના પર લાગેલા તમામ આરોપોને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા અને તેને ફગાવી દીધા. કોર્ટની કાર્યવાહી પૂરી થતાં જ જેકલીન સીધી પરિસરમાંથી બહાર નીકળીને રવાના થઈ ગઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) આ કેસમાં મુખ્ય આરોપી સુકેશ ચંદ્રશેખર સાથે જેકલીનની ભૂમિકા અને પૈસાની લેવડદેવડની તપાસ કરી રહ્યું છે. જેકલીન ફર્નાન્ડિસ બુધવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ પહોંચી હતી. કોર્ટમાં તેની વિરુદ્ધ નક્કી કરવામાં આવી રહેલા આરોપો અંગે દલીલ થઈ. જેકલીને જજ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરતાં કહ્યું કે, તેના પર લગાવવામાં આવેલા મની લોન્ડરિંગના તમામ આરોપો પાયાવિહોણા છે. તેણે કોઈપણ પ્રકારના ખોટા વ્યવહારમાં સામેલ થવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. સુનાવણી પૂરી થયા બાદ કોર્ટ પરિસરમાંથી બહાર નીકળતી વખતે જેકલીનના વીડિયો અને તસવીરો પણ સામે આવી છે, જ્યાં તે મીડિયા સાથે વાત કર્યા વિના પોતાની ગાડીમાં બેસીને નીકળી ગઈ. આ આખો મામલો હાઈ-પ્રોફાઈલ ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલો છે. સુકેશ પર આરોપ છે કે તેણે દિલ્હીની રોહિણી જેલની અંદરથી જ ફોર્ટિસ હેલ્થકેરના પૂર્વ પ્રમોટર શિવિન્દર સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી 200 કરોડ રૂપિયાની ખંડણી વસૂલી હતી. તપાસ એજન્સી EDનો દાવો છે કે સુકેશે આ વસૂલાતની રકમનો મોટો હિસ્સો જેકલીન ફર્નાન્ડિસ અને તેના પરિવાર પર ખર્ચ કર્યો હતો. સુકેશે જેકલીનને લલચાવવા માટે કરોડો રૂપિયાની ભેટ આપી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ આ મામલાની તપાસ કર્યા બાદ દાખલ કરવામાં આવેલી તેની સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં જેકલીન ફર્નાન્ડિસને પણ આરોપી બનાવી હતી. EDનું કહેવું છે કે જેકલીનને સુકેશના ગુનાહિત બેકગ્રાઉન્ડ અને ખંડણીના પૈસા વિશે પહેલેથી જ જાણકારી હતી.



# ત્રીજી વખત વરરાજા બનશે આમિર ખાન! 5 જુલાઈએ ગૌરી સાથે લેશે મંગળ ફેરા

## આ લગ્ન કોઈ ભવ્ય પેલેસ કે રિસોર્ટમાં નહીં, પરંતુ અત્યંત સાદગીપૂર્ણ રીતે યોજાશે. જેમાં માત્ર પરિવારના સભ્યો અને ખૂબ જ નજીકના મિત્રો જ હાજર રહેશે


મુંબઈ

બોલિવૂડના ’મિસ્ટર પરફેક્શનિસ્ટ’ આમીર ખાન ફરી એકવાર લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યો છે. આમીર ખાન ખૂબ જ ટૂંક સમયમાં પોતાની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે પોતાના સંબંધોને એક ડગલું આગળ લઈ જવા માટે તૈયાર છે. આમીર ખાનના નજીકના સૂત્રોએ આ ચોંકાવનારા સમાચાર આપ્યા છે અને લગ્નની સત્તાવાર તારીખ પણ જાહેર કરી દીધી છે. મળેલી માહિતી મુજબ, આમીર ખાન આગામી 5 Julyના રોજ લગ્ન કરવા જઈ રહ્યો છે. આ લગ્ન કોઈ ભવ્ય પેલેસ કે રિસોર્ટમાં નહીં, પરંતુ અત્યંત સાદગીપૂર્ણ રીતે યોજાશે.

જેમાં માત્ર પરિવારના સભ્યો અને ખૂબ જ નજીકના મિત્રો જ હાજર રહેશે. ઘરમાં જ દસ્તાવેજો સાઈન કરીને ઓફિશિયલ કરશે મેરેજ આમીર અને ગૌરીના એક નજીકના સૂત્રએ જણાવ્યું કે, બંને છેલ્લા આશરે 1 વર્ષથી એક પરિવારની જેમ સાથે જ રહી રહ્યા છે. બંનેએ સાથે મળીને એક ખુશહાલ દુનિયા બનાવી છે અને હવે તેઓ પોતાના આ સંબંધને કાનૂની અને સત્તાવાર નામ આપવા જઈ રહ્યા છે.

અહેવાલો અનુસાર, લગ્ન માટે કોઈ મોટો ભપકો કે ગ્રાન્ડ સેલિબ્રેશન રાખવામાં આવ્યું નથી, પરંતુ ઘરમાં જ કેટલાક કાનૂની દસ્તાવેજો સાઈન કરીને લગ્નની વિધિ પૂર્ણ કરવામાં આવશે. નોંધનીય છે કે આમીર ખાને થોડા સમય પહેલાં જ એક વાતચીતમાં ગૌરીને પોતાની પત્ની ગણાવી દીધી હતી અને કહ્યું હતું કે તે દિલથી તો પહેલેથી જ ગૌરી સાથે લગ્ન કરી ચૂક્યો છે. ગૌરી સ્પ્રેટ મૂળ બેંગલુરુની રહેવાસી છે અને તેનો મોટાભાગનો સમય ત્યાં જ વિત્યો છે. ગૌરીએ બ્લુ માઉન્ટેન સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ ફેશન ડિઝાઈનિંગનો કોર્સ કર્યો હતો. ત્યારબાદ તેણે ’યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ, લંડન’ માંથી FDA સ્ટાઈલિંગ અને ફોટોગ્રાફીનો કોર્સ પણ કર્યો છે. વર્ષ 2025માં મીડિયા સાથેની વાતચીતમાં ગૌરીએ ખુલાસો કર્યો હતો કે તે અત્યારે આમીર ખાનના પ્રોડક્શન હાઉસ સાથે મળીને કામ કરી રહી છે. પર્સનલ લાઈફની વાત કરીએ તો ગૌરીને એક 6 વર્ષનો દીકરો છે. આમીર ખાન સાથે તેની ઓળખાણ આશરે 25 વર્ષ જૂની છે, પરંતુ બંનેએ આશરે 2 વર્ષ પહેલાં જ એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું.





# ‘કોકટેલ 2’ માં કૃતિ સેનન અને રશ્મિકા લેસ્બિયન કપલ બનશે?

## ટ્રેલર લોન્ચમાં અભિનેત્રીઓએ કર્યો મોટો ખુલાસો

મુંબઈ

વર્ષ 2012 માં આવેલી સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટી અભિનીત સુપરહિટ ફિલ્મ ‘કોકટેલ’ આજે પણ દર્શકોની ફેવરિટ ફિલ્મોમાંની એક છે. હવે દિગ્દર્શક હોમી અડાજાનિયા આ ફિલ્મની સિક્વલ ‘કોકટેલ 2’ (Cocktail 2) લઈને આવી રહ્યા છે, જેમાં શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાના મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મની જાહેરાત બાદથી જ સોશિયલ મીડિયા પર કૃતિ અને રશ્મિકાના પાત્રોને લઈને ચાલી રહેલી એક બોલ્ડ અફવાએ ભારે જોર પકડ્યું હતું, જેના પર હવે બંને અભિનેત્રીઓએ સત્તાવાર સ્પષ્ટતા કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઈન્ટરનેટ પર એવી અટકળો તેજ બની હતી કે ‘કોકટેલ 2’ માં કૃતિ સેનન અને રશ્મિકા મંદાના એક લેસ્બિયન કપલની ભૂમિકા ભજવી રહી છે અને ફિલ્મમાં તેમની વચ્ચે કેટલાંક બોલ્ડ દ્રશ્યો પણ ફિલ્માવવામાં આવ્યા છે. આ અફવાઓને કારણે સોશિયલ મીડિયા પર ફિલ્મ પ્રત્યે ચાહકોની ઉત્સુકતા અને શાહિદ કપૂરની ભૂમિકાને લઈને ચર્ચાઓ ખૂબ વધી ગઈ હતી. ફિલ્મના ભવ્ય ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન જ્યારે શાહિદ કપૂરે મજાકિયા અંદાજમાં બંને અભિનેત્રીઓને પૂછ્યું કે, “શું ફિલ્મમાં તમારા બંને વચ્ચે કોઈ લેસ્બિયન લવ ટ્રેક છે?” ત્યારે રશ્મિકાએ રહસ્યમય રીતે હસીને કહ્યું, “તમને ખબર નથી.” બીજી તરફ, કૃતિ સેનને આ અફવાઓ પર નારાજગી વ્યક્ત કરતા સણસણતો જવાબ આપ્યો કે, “એ જ તો મોટી સમસ્યા છે! જ્યારે મોટા પડદા પર બે છોકરાઓ ગાઢ મિત્ર તરીકે દેખાય છે, ત્યારે લોકો તેને ‘બ્રોમાન્સ’ કહીને સ્વીકારી લે છે. પરંતુ જ્યારે બે છોકરીઓ પાકી બહેનપણીઓ તરીકે જોવા મળે, ત્યારે કોઈને વિશ્વાસ નથી આવતો. લોકો એ સ્વીકારી જ નથી શકતા કે બે છોકરીઓ માત્ર સારી મિત્ર પણ હોઈ શકે છે.” પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ફિલ્મના નિર્માતા દિનેશ વિજને પણ આ તમામ અહેવાલોને સદંતર ફગાવી દીધા હતા. તેમણે ફિલ્મના પ્લોટ વિશે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, “ફિલ્મમાં એવો કોઈ સમલૈંગિક પ્રેમ ટ્રેક નથી. તેના બદલે, વાર્તામાં બે અલગ-અલગ રોમેન્ટિક ટ્રેક છે જે ખૂબ જ સમાંતર, ભાવનાત્મક રીતે ઊંડા અને આધુનિક સંબંધોની જટિલતાઓને બોલ્ડ રીતે રજૂ કરે છે.” તેમણે ચાહકોને સોશિયલ મીડિયાની વાતોમાં આવ્યા વિના વાર્તાનો અસલી આનંદ માણવા અપીલ કરી છે. આ મલ્ટિસ્ટારર ફિલ્મ 19 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

# રણવીર સિંહ અને ફરહાન અખ્તર વચ્ચેનો વિવાદ ઉકેલાયો! FWICEએ અસહકાર નિર્દેશ પાછો ખેંચ્યો

મુંબઈ

“ડોન 3” ને લઈને રણવીર સિંહ અને ફરહાન અખ્તર વચ્ચેનો વિવાદ ઉકેલાઈ ગયો હોય તેવું લાગે છે. FWICE એ આ મામલે રણવીર વિરુદ્ધ અસહકાર નિર્દેશ (NCD) જાહેર કર્યો હતો, જે હવે તાત્કાલિક અસરથી પાછો ખેંચી લેવામાં આવ્યો છે. IMPPA, પ્રોડ્યુસર્સ ગિલ્ડ અને CINTAAના હસ્તક્ષેપ બાદ FWICEએ આ કાર્યવાહી કરી છે. રણવીર સિંહે FWICEને કાનૂની નોટિસ મોકલ્યા બાદ NCD પાછો ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો. FWICEના પ્રમુખ બી.એન. તિવારીએ જણાવ્યું હતું કે, રણવીર સિંહ કેસમાં કોઈ જીત્યું કે હાર્યું નથી. PTI અનુસાર, FWICEના પ્રમુખ બી. એન. તિવારીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, “IMPPA, પ્રોડ્યુસર્સ ગિલ્ડ અને CINTAA ની વિનંતીને પગલે, અમે તાત્કાલિક અસરથી અમારા અસહકાર નિર્દેશને પાછો ખેંચી રહ્યા છીએ.” અમને કહેવામાં આવ્યું છે કે, આપણે બધાએ નિર્માતાઓના સંગઠન સાથે મળીને એક ન્યાયી નિર્ણય લેવો જોઈએ જેનાથી નિર્માતાઓ, દિગ્દર્શકો કે કલાકારોને કોઈ સમસ્યા ન થાય. આ મામલે કોઈ જીત્યું કે હાર્યું નથી. અમારો કાનૂની વિભાગ તેમની કાનૂની નોટિસનો જવાબ આપશે. IMPA, પ્રોડ્યુસર્સ ગિલ્ડ અને CINTAAની વિનંતીને પગલે, અમે તાત્કાલિક અસરથી અમારા અસહકાર નિર્દેશને પાછો ખેંચી રહ્યા છીએ. આ મામલે કોઈ જીત્યું નથી કે હાર્યું નથી. અમારો કાનૂની વિભાગ તેમની કાનૂની નોટિસનો જવાબ આપશે. રણવીરે ગત મહિને જાહેર કરાયેલા અસહકાર નિર્દેશ (NCD) અંગે FWICEને કાનૂની નોટિસ મોકલ્યાના થોડા કલાકો બાદ આ અપડેટ આવ્યું છે. અહેવાલો અનુસાર, અભિનેતાએ મંગળવારે નોટિસ મોકલી હતી, જોકે વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. FWICE પણ આ બાબતે મૌન રહ્યું છે અને રણવીરની કાનૂની નોટિસનો હજુ સુધી જવાબ આપ્યો નથી.





પાક્કો ગુજરાત
ગુરુવાર | 04 જૂન 2026 | અમદાવાદ

## દેશમુખ ટાઇટલ રેસમાં ટકી રહી; છઠ્ઠા રાઉન્ડમાં તમામ ભારતીયો હાર્યા હતા

# ભારત-ન્યૂઝીલેન્ડની અત્યાર સુધીની સૌથી મોટી સીરિઝનું શેડ્યૂલ જાહેર

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષના અંતમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસે જવાની છે, જે બંને દેશોના ક્રિકેટ ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો દ્વિપક્ષીય પ્રવાસ સાબિત થશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે 22 Octoberથી 1 December દરમિયાન તમામ ફોર્મેટની કુલ 12 મેચો રમાશે. ન્યૂઝીલેન્ડના ક્રિકેટ ઈતિહાસમાં આ પ્રથમ વખત બનશે જ્યારે તેઓ કોઈપણ મુલાકાતી ટીમ સામે આટલી મોટી સીરિઝ હોસ્ટ કરશે. આ 40 દિવસના લાંબા પ્રવાસ દરમિયાન 5 T20 ઈન્ટરનેશનલ, 5 વન-ડે અને 2 ટેસ્ટ મેચ રમાશે. આ ઐતિહાસિક સીરિઝ બંને દેશો વચ્ચેના રમતગમતના સંબંધોના 100 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાઈ રહી છે, જે આ પ્રવાસને વધુ ખાસ બનાવે છે. આ ભવ્ય પ્રવાસની શરૂઆત 22 Octoberના રોજ ક્રાઈસ્ટચર્ચમાં પ્રથમ T20 મેચથી થશે. ત્યારબાદ 5 મેચની T20 સીરિઝ પૂરી થયા પછી, બંને ટીમો 4 Novemberથી ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે વન-ડે સીરિઝ રમશે. સૌથી મહત્ત્વની રેડ-બોલ એટલે કે ટેસ્ટ સીરિઝની શરૂઆત




19 Novemberથી વેલિંગ્ટનના બેસિન રિઝર્વ ખાતે થશે. આ પ્રવાસની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ 27 Novemberથી 1 December દરમિયાન ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલ ખાતે રમાશે, જેની સાથે આ પ્રવાસ સમાપ્ત થશે.

તમને જણાવી દઈએ કે વર્ષ 2019-20ની સીઝન પછી ભારતીય ટીમ પ્રથમ વખત ટેસ્ટ સીરિઝ રમવા માટે ન્યૂઝીલેન્ડની ધરતી પર જશે. તે પ્રવાસ બાદ ન્યૂઝીલેન્ડની ટીમ 2 વખત ભારત આવી ચૂકી છે, જેમાં તાજેતરમાં જ રમાયેલી 2024-25ની સીરિઝમાં ન્યૂઝીલેન્ડે ભારતમાં 3-0થી ઐતિહાસિક ક્લીન સ્વીપ કરીને ભારતીય ફેન્સને મોટો આંચકો આપ્યો હતો. હવે ટીમ ઈન્ડિયા પાસે ન્યૂઝીલેન્ડને તેમની જ ધરતી પર હરાવીને જૂનો બદલો લેવાની સુવર્ણ તક રહેશે. આ ઐતિહાસિક પ્રવાસને ન્યૂઝીલેન્ડ સરકાર અને બંને દેશોના ક્રિકેટ બોર્ડ દ્વારા ખૂબ મોટું સમર્થન મળી રહ્યું છે અને આ વર્ષે ભારતને લગતી અન્ય ઘણી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ પણ પ્લાન કરવામાં આવી છે. T20 ઈન્ટરનેશનલ સીરિઝ:1st T20I: 22 October, ક્રાઈસ્ટચર્ચ

2nd T20I: 24 October, ક્રાઈસ્ટચર્ચ 3rd T20I: 27 October, વેલિંગ્ટન 4th T20I: 30 October, ઓકલેન્ડ 5th T20I: 1 November, હેમિલ્ટન વન-ડે (ODI) સીરિઝ: 1st ODI: 4 November, ઓકલેન્ડ 2nd ODI: 7 November, વેલિંગ્ટન 3rd ODI: 10 November, હેમિલ્ટન 4th ODI: 13 November, માઉન્ટ માઉન્ગાનુઈ 5th ODI: 15 November, માઉન્ટ માઉન્ગાનુઈ ટેસ્ટ સીરિઝ: 1st Test: 19-23 November, વેલિંગ્ટન 2nd Test: 27 November - 1 December, ક્રાઈસ્ટચર્ચ .

## નોર્વે ચેસમાં પ્રજ્ઞાનાનંદાએ વર્લ્ડ નંબર-1 કાર્લસનને હરાવ્યો

જકાર્તા

ભારતના 20 વર્ષીય ગ્રાન્ડમાસ્ટર પ્રજ્ઞાનંદા રમેશબાબુએ નોર્વે ચેસ 2026ના આઠમા રાઉન્ડમાં વિશ્વના નંબર-1 ખેલાડી અને પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવ્યો. પ્રજ્ઞાનંદાની આ ટુર્નામેન્ટમાં કાર્લસન સામેની બીજી જીત છે. આ જીત સાથે આર. પ્રજ્ઞાનંદા ભારતના બીજા એવા ખેલાડી બની ગયો છે, જેણે એક જ ટુર્નામેન્ટમાં મેગ્નસ કાર્લસનને બે વાર હરાવ્યો છે. ક્લાસિકલ શતરંજના છેલ્લા 19 વર્ષમાં આ પહેલો પ્રસંગ છે, જ્યારે કોઈ ખેલાડીએ એક જ ટુર્નામેન્ટમાં કાર્લસનને બે વાર હરાવ્યો હોય.




આ પહેલા 2007માં વિશ્વનાથન આનંદે લિનારેસ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં કાર્લસનને સતત બે મુકાબલામાં હરાવ્યો હતો. આઠમા રાઉન્ડના અન્ય એક ક્લાસિકલ મુકાબલામાં ફ્રાન્સના અલીરેઝા ફિરોઝાએ વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ભારતના ગુકેશ ડોમરાજુ (ડી ગુકેશ) ને હરાવ્યો. સફેદ મોહરાઓથી રમી રહેલા ફિરોઝાએ ટાઈમ પ્રેશર વચ્ચે એન્ડગેમમાં શાનદાર રમત બતાવી અને ગુકેશની ભૂલોનો ફાયદો ઉઠાવ્યો. આ જીતથી ફિરોઝાના 13 પોઈન્ટ થઈ ગયા છે. ટુર્નામેન્ટ લીડર વેસ્લી સો અને વિન્સેન્ટ કેમર વચ્ચેનો ક્લાસિકલ મુકાબલો ડ્રો રહ્યો. ત્યારબાદ થયેલા 'આર્માગેડન' મુકાબલામાં વેસ્લી સોએ જીત મેળવીને વધારાના પોઈન્ટ્સ મેળવ્યા અને 14 પોઈન્ટ્સ સાથે પોતાની લીડ જાળવી રાખી. પ્રજ્ઞાનંદ 12 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. દિવ્યા દેશમુખ હારી, કોનેરુ હમ્પીએ આર્માગેડન જીત્યો નોર્વે ચેસ વિમેન્સ ટુર્નામેન્ટના આઠમા રાઉન્ડમાં ભારત માટે મિશ્ર દિવસ રહ્યો.

### કંપનીઓમાં હોડ મચી, 2 કરોડ આપવા તૈયાર

## વૈભવ સૂર્યવંશીની બ્રાન્ડ વેલ્યૂમાં બમ્પર ઉછાળો

મુંબઈ

આઈપીએલમાં પોતાના બેટથી ધમાકો કરનાર બિહારના 15 વર્ષીય યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીની બ્રાન્ડ વેલ્યુ અત્યારે રોકેટની ગતિએ વધી રહી છે. આ સીઝનમાં ઓરેન્જ કેપ અને MVP સહિતના ખિતાબ જીતીને ઈતિહાસ રચનાર વૈભવ પર હવે જાહેરાતોની દુનિયામાં કરોડો રૂપિયાનો વરસાદ થઈ રહ્યો છે. કેટલાક રિપોર્ટ અનુસાર IPL 2026ની ભવ્ય સફળતા બાદ વૈભવે પોતાની એન્ડોર્સમેન્ટ ફી સીધી ડબલ કરી દીધી છે. રાજસ્થાન રોયલ્સે જ્યારે આ વન્ડરકિડને 1.10 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, ત્યારે લોકો તેની ઉંમરને લઈને ચર્ચા કરતા હતા. પરંતુ વૈભવે પોતાની રમતથી સાબિત કરી દીધું કે પ્રતિભા ઉંમરની મહોતાજ નથી હોતી. વૈભવ સૂર્યવંશીની ફી થઈ ગઈ ડબલ એડવર્ટાઈઝિંગ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા સૂત્રોના હવાલેથી અહેવાલોમાં જણાવાયું છે કે, IPL 2026 શરૂ થયા પહેલા વૈભવ સૂર્યવંશી એક બ્રાન્ડ ડીલ સાઈન કરવા માટે આશરે 1 કરોડ રૂપિયા ચાર્જ કરતો હતો. તેણે 'રેડ બુલ' અને 'કોમ્પ્લેન' જેવા મોટા બ્રાન્ડ્સ સાથે આ જ કિંમતે કરાર કર્યા હતા. પરંતુ હવે આ સીઝન પૂરી થયા બાદ તેની ફી વધીને સીધી 2 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. દેશ જ નહીં પરંતુ વિદેશી બ્રાન્ડ્સ પણ આ યુવા ખેલાડીને પોતાના પ્રમોશન માટે સાઈન કરવા લાઈનમાં ઉભા છે. ક્રિકેટ પંડિતોનું માનવું છે કે જો આજે ફરીથી આઈપીએલનું ઓક્શન થાય, તો વૈભવ સૂર્યવંશીને આરામથી 20 કરોડથી વધુની રકમ મળી શકે છે. જોકે, રાજસ્થાન રોયલ્સ હવે તેને કોઈપણ કિંમતે પોતાની સાથે જ રાખવા માંગશે. ક્રિસ ગેલનો 14 વર્ષ જૂનો ઐતિહાસિક રેકોર્ડ તોડ્યો વૈભવ સૂર્યવંશીએ આઈપીએલ 2026માં રનની સુનામી લાવીને ઓરેન્જ કેપ પોતાના નામે કરી હતી. આ સિવાય તે 'ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન' અને 'સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન' પણ બન્યો હતો. ખાસ વાત એ છે વૈભવ પ્લેઓફની બંને મેચોમાં સદી ચૂક્યો હતો, જેમાં તે એલિમિનેટરમાં 97 રને અને ક્વોલિફાયર-2માં 96 રને આઉટ થયો હતો.

## હાર્દિક પંડયા-રોહિત શર્માને BCCIનું કડક અલ્ટિમેટમ

### બંને ખેલાડીઓએ બેંગલુરુ સ્થિત 'સેન્ટર ઓફ એક્સલેન્સ' (COE) ખાતે પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે

મુંબઈ

અફઘાનિસ્તાન સામે રમાનારી આગામી ત્રણ મેચોની વન-ડે સિરીઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમમાં મોટો ગરમાવો જોવા મળી રહ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(BCCI) એ કડક વલણ અપનાવતા સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને રોહિત શર્માને અલ્ટીમેટમ આપ્યું છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવતા પહેલા ફિટનેસ સાબિત કરો.

આમ, બંને ખેલાડીઓએ બેંગલુરુ સ્થિત 'સેન્ટર ઓફ એક્સેલન્સ' (CoE) ખાતે પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. સ્કવોડમાં પસંદગી પણ રમવા સામે સસ્પેન્સ BCCI દ્વારા અફઘાનિસ્તાન સામેની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત તો કરી દેવામાં આવી છે, પરંતુ હાર્દિક પંડ્યા અને રોહિત શર્માના નામની આગળ ફિટનેસની શરત મૂકવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાર્દિક પંડ્યા 2 જૂન બેંગલુરુ સ્થિત BCCI સેન્ટર ઓફ એક્સીલન્સ પહોંચી ગયો છે, જ્યાં તે એક સપ્તાહ કરતાં વધુ સમય સુધી




સખત ફિટનેસ ડ્રિલ અને શારીરિક આકલન માંથી પસાર થશે. મેડિકલ ટીમ તરફથી 'રીટર્ન ટુ પ્લે' (RTP) ક્લિયરન્સ મળ્યા બાદ જ મેદાન પર તેના રમવા અંગે અંતિમ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, IPL 2026માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે હાર્દિક પંડ્યાને પીઠના દુખાવાની ગંભીર સમસ્યા નડી હતી, જેના કારણે તે કેટલીક મેચો રમી શક્યો ન હતો. હાર્દિકે પોતાની છેલ્લી વન-ડે મેચ ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ના ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે રમી હતી. બીજી તરફ, રોહિત શર્મા પણ IPL દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાતો હતો. જયવર્ધનેએ રોહિતની ફિટનેસનો દાવો કર્યો આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્ધનેએ રોહિત શર્માની ફિટનેસ અંગે બચાવ કરતા દાવો કર્યો હતો કે, રોહિત હવે 100 ટકા ફિટ છે. IPL માં રોહિતનો 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે ઉપયોગ માત્ર ટીમની રણનીતિનો એક ભાગ હતો અને તેનો ફિટનેસ સાથે કોઈ સંબંધ નહોતો. જોકે, BCCI કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી.



### વૈશ્વિક કંપનીઓની ચેતવણીથી ખળભળાટ

## ક્રૂડની કિંમતોમાં 2-3 અઠવાડિયા પછી ભડકાના એંધાણ

મુંબઈ

દુનિયાભરમાં આગામી 2 થી 3 અઠવાડિયામાં ઈંધણના ભાવમાં ભયંકર વિસ્ફોટ થઈ શકે છે તેવી ઓઈલ ક્ષેત્રની જાયન્ટ કંપનીઓએ આપેલી ચેતવણીને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે હડકંપ મચી ગયો છે. મધ્ય-પૂર્વ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા સૈન્ય સંઘર્ષના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલનો પુરવઠો પૂરો પાડતો સૌથી મહત્ત્વનો દરિયાઈ માર્ગ 'હોર્મુઝ સ્ટ્રેટ' હાલ સંપૂર્ણપણે ઠપ્પ છે. નિષ્ણાતો પણ થયા ચિંતિત આ નાકાબંધીને કારણે દરરોજ આશરે 1.2થી 1.3 કરોડ બેરલ તેલની સપ્લાય માર્કેટમાંથી ગાયબ થઈ ચૂકી છે. જેપી મોર્ગન અને ગોલ્ડમેન સાક્સ જેવા વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંકોના વિશ્લેષણ



અનુસાર, બજારમાં તેલની આ અછતને પહોંચી વળવા માટે અત્યાર સુધી વિવિધ દેશો પોતાના ઈમરજન્સી અને સ્ટ્રેટેજિક ઓઈલ રિઝર્વ(તેલ ભંડાર)નો બેફામ ઉપયોગ કરી રહ્યા હતા, જે હવે અંતિમ આરે પહોંચી ગયા છે. ઓઈલ ઈન્ડસ્ટ્રીની અગ્રણી કંપની 'શેવરોન'(Chevron)ના સીઈઓ માઈક વર્થ અને 'એક્સોન'(Exxon)ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ નીલ ચેપમેને સંયુક્ત રીતે ઓઈલ માર્કેટમાં એક મોટું તોફાન આવવાની ભીતિ વ્યક્ત કરી છે. તેમના મતે, અમેરિકામાં ટ્રમ્પ પ્રશાસન અને અન્ય સરકારી તંત્રો દ્વારા ઈરાન સાથે ટૂંક સમયમાં સમજૂતી થઈ જશે તેવા ખોટા સંકેતો આપીને બજારને કૃત્રિમ રીતે શાંત રાખવાનો પ્રયાસ કરાયો હતો, જેના કારણે ગત સપ્તાહે ક્રૂડના ભાવમાં 10 ટકાનો ઘટાડો પણ જોવા મળ્યો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવો કોઈ જ કરાર થતો દેખાતો નથી. પરિણામે, જૂન અને ખાસ કરીને જુલાઈ મહિનામાં આ દબાણ સીધું કિંમતો પર દેખાશે. બ્રેન્ટ ક્રૂડ ભડકે બળશે? એક્સપર્ટ્સનું માનવું છે કે વૈશ્વિક ક્રૂડ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ 150થી 160 ડૉલર પ્રતિ બેરલની ઐતિહાસિક સપાટી વટાવી શકે છે, જે સામાન્ય દેશોના અર્થતંત્રની કમર તોડી નાખશે.

### જેટ-ફ્યુઅલની કિંમતોને નિયંત્રિત કરવામાં આવશે

## ATFની કિંમતો પર ₹75.60 પ્રતિ લિટર કેપ લગાવવામાં આવી: સરકારે ₹10,000 કરોડના ફંડને મંજૂરી આપી

મુંબઈ

મિડલ ઈસ્ટ સંઘર્ષ વચ્ચે સરકારે એરલાઈન્સ કંપનીઓ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) અને હવાઈ મુસાફરોને રાહત આપવા માટે 10,000 કરોડના એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડને મંજૂરી આપી. આ ઉપરાંત, સરકારે ઘરેલુ ઉડાનો માટે ATFની કિંમત 75.60 પ્રતિ લિટર પર ફિક્સ (કેપ) કરી દીધી છે. ATFની વધતી કિંમતોને સ્થિર કરવા માટે આ નિર્ણયો લેવામાં આવ્યા છે. બુધવારે (3 જૂન) નવી દિલ્હીમાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટ મીટિંગમાં આ ફંડને મંજૂરી આપવામાં આવી છે. આ ફંડ ATFની કિંમતોમાં થતા ઉતાર-ચઢાવને નિયંત્રિત કરશે. આ ફંડનો ઉપયોગ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારના હવાઈ ઓપરેશન્સ માટે કરવામાં આવશે. માર્ચથી મે મહિના વચ્ચે 2.5 ગણા વધ્યા ભાવ, 75.6 પર કેપિંગ સરકારના મતે, મિડલ




ઈસ્ટ સંકટને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં હવાઈ ઈંધણ (ATF)ની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. માર્ચ 2026માં ATFની કિંમત જે 60.5 રૂપિયા પ્રતિ લિટર હતી, તે મે 2026માં બમણાથી પણ વધુ વધીને 142 રૂપિયા પ્રતિ લિટરને પાર પહોંચી ગઈ છે. વધતી કિંમતોમાંથી રાહત આપવા માટે સરકારે ઘરેલુ ઉડાનો માટે ATF ની કિંમત 75.6 રૂપિયા પ્રતિ લિટર પર કેપ (મહત્તમ મર્યાદા નક્કી) કરી દીધી છે. એરલાઈન્સ કંપનીઓના કુલ ઓપરેટિંગ ખર્ચમાં એકલા ATF નો હિસ્સો લગભગ 40% હોય છે. આવી સ્થિતિમાં, કિંમતોમાં આવેલા આ ઝડપી ઉછાળે એરલાઈન્સ અને તેલ કંપનીઓ બંને પર મોટું આર્થિક દબાણ ઊભું કર્યું હતું. કિંમતોમાં સ્થિરતા: ભારતીય શેડ્યૂલ્ડ એરલાઈન્સ માટે ATF ની કિંમતો સ્થિર રાખવામાં મદદ મળશે. ઓપરેશન્સ ચાલુ રહેશે: વિમાન કંપનીઓના કામકાજ અને ઉડાનોમાં કોઈપણ પ્રકારની અડચણ કે અવરોધને રોકી શકાશે. ભાડામાં વધારો નહીં થાય: વૈશ્વિક સ્તરે ઈંધણ મોંઘું હોવા છતાં હવાઈ મુસાફરોને ભાડામાં થતા ભારે વધારાથી બચાવી શકાશે. 77 લાખ નોકરીઓ સુરક્ષિત: આ નિર્ણયથી એવિએશન ઈકોસિસ્ટમ પર નિર્ભર લગભગ 77 લાખ લોકોના રોજગાર અને નોકરીઓની સુરક્ષા થશે.

### PMO અને RBI સુધી ફરિયાદ પહોંચી

## 2000 કરોડના 'કૌભાંડ' બાદ જાણીતી બૅન્ક સામે નવું સંકટ

### ઈન્ટરનલ ઓડિટ દરમિયાન સામે આવેલા વાસ્તવિક નિષ્કર્ષો અને ખામીઓને દબાવવાનો પ્રયાસ કરવો. બૅંકમાં ચાલી રહેલી કથિત અનિયમિતતાઓને છુપાવવી

મુંબઈ

ખાનગી ક્ષેત્રની અગ્રણી બૅંક 'ઈન્ડસઈન્ડ બૅંક'ની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. બૅંકમાં આશરે 2000 કરોડ રૂપિયાની ડેરિવેટિવ્સ એકાઉન્ટિંગ ગડબડી સામે આવ્યા બાદ, હવે એક વિસલબ્લોઅરની ફરિયાદને કારણે નવો હોબાળો મચ્યો છે. બૅંકના જ એક પૂર્વ વરિષ્ઠ અધિકારી પર ગુપ્ત માહિતીના આધારે ગેરકાયદેસર રીતે 46 કરોડ રૂપિયા કમાવવાનો આરોપ લાગ્યો છે. આ મામલાની ગંભીરતાને જોતા વિસલબ્લોઅરે વડાપ્રધાન કાર્યાલય (PMO), ભારતીય રિઝર્વ બૅંક (RBI) સહિત દેશની સર્વોચ્ચ તપાસ એજન્સીઓ પાસે તપાસની માંગ કરી છે. આ નકારાત્મક સમાચારની સીધી અસર બૅંકના શેર પર જોવા મળી છે. આજના શરૂઆતના કારોબારમાં જ ઈન્ડસઈન્ડ બૅંકનો શેર આશરે 2.50% કરતાં વધુ ઘટીને 888.80 રૂપિયાના સ્તરે આવી ગયો હતો. એક રિપોર્ટ મુજબ આ ફરિયાદની નકલો સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઑફિસ (SFIO) અને નેશનલ ફાઈનાન્સિયલ રિપોર્ટિંગ ઑથોરિટી(NFRA)ને પણ મોકલવામાં આવી છે. ફરિયાદમાં બૅંકના ભૂતપૂર્વ ઈસ્ટ ઝોનલ હેડ સમિર અગ્રવાલ પર ઈન્સાઈડર ટ્રેડિંગનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે.




વિસલબ્લોઅરનો દાવો છે કે સમિર અગ્રવાલે બૅંકની અત્યંત ગુપ્ત અને સંવેદનશીલ માહિતીનો દુરુપયોગ કરીને પોતાના પરિવાર અને સંબંધિત સંસ્થાઓ મારફતે શેરોમાં ટ્રેડિંગ કર્યું હતું. આરોપ છે કે બૅંકની મહત્ત્વપૂર્ણ માહિતી જાહેરમાં બહાર આવે તે પહેલાં, આશરે 815 કરોડ રૂપિયાના શેર સોદા કરીને આશરે 46 કરોડ રૂપિયાનો મોટો નફો ગેરકાયદેસર રીતે કમાવવામાં આવ્યો હતો. ઓડિટ રિપોર્ટ દબાવવા અને લોનની એવરગ્રીનિંગના ગંભીર આક્ષેપો આ વિસલબ્લોઅર દ્વારા માત્ર ઈન્સાઈડર ટ્રેડિંગ જ નહીં, પરંતુ બૅંકના ગવર્નન્સને લઈને પણ ઘણા ચોંકાવનારા આક્ષેપો કરવામાં આવ્યા છે, જેમાં નીચેની બાબતો સામેલ છે: બૅંકના નાણાકીય રેકોર્ડ્સ અને એકાઉન્ટિંગમાં મોટા પાયે હેરફેર કરવી. માઈક્રોફાઈનાન્સ લોનની 'એવરગ્રીનિંગ' (ખરાબ લોનને સારી બતાવવી) કરવી. ઈન્ટરનલ ઓડિટ દરમિયાન સામે આવેલા વાસ્તવિક નિષ્કર્ષો અને ખામીઓને દબાવવાનો પ્રયાસ કરવો. બૅંકમાં ચાલી રહેલી કથિત અનિયમિતતાઓને છુપાવવી. વિસલબ્લોઅરનો સીધો આરોપ છે કે બૅંકના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ અને બોર્ડના સભ્યોએ પણ આ આખી ગડબડી પર પડદો પાડવાનો પ્રયાસ કર્યો હતો. બીજી તરફ, ઈન્ડસઈન્ડ બૅંકે આ તમામ આરોપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. બૅંકે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે તે વિસલબ્લોઅર દ્વારા લગાવવામાં આવેલા આ આક્ષેપોને સ્વીકારતી નથી. બૅંકના જણાવ્યા અનુસાર, આ પ્રકારની તમામ ફરિયાદોની આંતરિક રીતે વિગતવાર તપાસ કરવામાં આવી છે અને જે પણ જરૂરી કાર્યવાહી હતી તે રેગ્યુલેટરી નિયમો તથા બૅંકની આંતરિક નીતિઓ અનુસાર જ કરવામાં આવી છે.

## શેરબજારમાં હાહાકાર: નિફ્ટી IT ઈન્ડેક્સ 1700 પોઈન્ટ તૂટ્યો


- સેન્સેક્સ 303 પોઈન્ટ ઘટીને 74,346 પર બંધ:નિફ્ટી 77 પોઈન્ટ નીચે 23,405 પર આવ્યો

મુંબઈ

ભારતીય શેરબજારમાં આજે અચાનક ભારે વેચવાલીનો માહોલ જોવા મળ્યો છે. સવારે દબાણ સાથે ખૂલેલા બજારમાં બપોર સુધીમાં પ્રોફિટ બુકિંગ અને ગભરાટભરી વેચવાલી હાવી થઈ ગઈ હતી. આ કડાકામાં સૌથી મોટો ફટકો આઈટી (IT) સેક્ટરને પડ્યો છે, જ્યાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 5.73% એટલે કે 1700થી વધુ પોઈન્ટ તૂટીને 29,338.3ની સપાટીએ પહોંચી ગયો હતો. દિગ્ગજ આઈટી શેરો પાણી-પાણી આઈટી સેક્ટરની અગ્રણી કંપની ટીસીએસ(TCS)નો શેર સૌથી વધુ 8.74% ગગડીને 2231 પર કારોબાર કરી રહ્યો હતો, જે જુલાઈ 2020 પછીનું તેનું સૌથી નીચું સ્તર છે. આ સિવાય અન્ય આઈટી કંપનીઓની સ્થિતિ પણ નાજુક જોવા મળી: એચસીએલ ટેક (HCL Tech): 4.84%ના ઘટાડા સાથે 1183 પર. ઈન્ફોસિસ (Infosys): 4.19%નો મોટો ઘટાડો. વિપ્રો (Wipro): 3.67% તૂટીને 202 પર આવી ગયો. LTM અને કોફોર્જ (Coforge): આ શેરોમાં પણ અનુક્રમે 8% અને 6.30% સુધીનો મોટો કડાકો બોલાઈ ગયો હતો. બપોરે 12:30 વાગ્યા આસપાસ બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ (Sensex) 1100 પોઈન્ટ અથવા 1.53% તૂટીને 73,506.15 પર આવી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી (Nifty) 323.20 પોઈન્ટ અથવા 1.38% ના ઘટાડા સાથે 23,160.35 પર ટ્રેડ કરતો જોવા મળ્યો હતો. બજારના તમામ 16 સેક્ટોરલ ઈન્ડેક્સ લાલ નિશાનમાં (ઘટાડા સાથે) કારોબાર કરી રહ્યા હતા. AI(આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો ખતરો: બજારમાં એવો ડર ઘર કરી ગયો છે કે જનરેટિવ એઆઈ અને ઓટોમેશનને કારણે પરંપરાગત આઈટી સેવાઓની માંગમાં મોટો ઘટાડો આવી શકે છે.

## યુનિ. પોલીસ સ્ટેશનનો કર્મચારી 'ગિરી' લાઈમલાઈટમાં

# ખાખીની આડમાં ખાનગી ઓફિસથી વહીવટ!







**અમદાવાદ**

અમદાવાદ પોલીસ બેડાની આબરૂના ધજાગરા ઉડાવતો અને કાયદો-વ્યવસ્થાની એસીતૈસી કરતો એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં વહીવટદાર તરીકે જેનું નામ જોરશોરથી ગુંજી રહ્યું છે તે 'ગિરી' કોઈ ખાનગી કંપનીમાં નોકરી નથી કરતો, પણ તે ખુદ પોલીસ ખાતાનો સત્તાવાર કર્મચારી છે! ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે, ખાખી વર્દીનો પગાર લેતો આ સરકારી માણસ પોલીસ સ્ટેશને બેસવાને બદલે વાડજ પોલીસ ચોકી નજીક આવેલી એક ગુપ્ત ખાનગી ઓફિસમાં ડેરો જમાવીને બેસે છે. અહીં જ બેસીને તે આખા શહેરના બુટલેગરો અને ગુનેગારો સાથે રોજનો લાખો રૂપિયાનો વહીવટ ખુલ્લેઆમ પાર પાડે છે.

**કરોડોના આલીશાન બંગલા અને લક્ઝરી ગાડીઓ: ખાખીના પગારમાં આટલી સંપત્તિ ક્યાંથી?**

ગુલબાઈ ટેકરામાં મોતનો સામાન: કેમિકલવાળો દારૂ અને સ્પાની આડમાં પાપનગરી!

સૂત્રો પાસેથી મળેલી પાકી માહિતી મુજબ, પોલીસ ખાતાના આ કથિત વહીવટદારના આશીર્વાદથી ગુલબાઈ ટેકરા વિસ્તાર ગુનાખોરીનો અડ્ડો બની ચૂક્યો છે: કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂ: આ વિસ્તારમાં વેચાતો દેશી દારૂ સાદો નથી, પણ અત્યંત જોખમી કેમિકલયુક્ત છે. જે ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જીને નિર્દોષ નાગરિકોના જીવ લઈ શકે છે.

વિદેશી દારૂનું કટિંગ: આ વહીવટદારની સીધી સાંઠગાંઠથી વિદેશી દારૂના મોટા જથ્થા અને કન્ટેનરોનું કટિંગ અહીં રાતોરાત કરવામાં આવે છે.

સ્પાની આડમાં દેહવેપાર: હેલ્થ અને વેલનેસ સ્પાના બોર્ડ લગાવીને અંદર ખુલ્લેઆમ જિસ્મફરોશીનો હાઈપ્રોફાઈલ કાળો ધંધો ધમધમી રહ્યો છે.

મોટો સવાલ: સ્થાનિક પી.આઈ. (PI) ને જનતાની પીડા દૂર કરવામાં કોઈ રસ નથી? શું તેઓ માત્ર સમયસર પહોંચી જતા 'મોટા હપ્તા'ની ઉઘરાણીમાં જ મસ્ત છે?

સિસ્ટમના આકાઓ મૌન: PCB, ક્રાઈમ બ્રાન્ચ અને DCP સ્કોડ કેમ લાચાર?

પોલીસ ખાતાનો એક નાનો કર્મચારી સરકારી કચેરી છોડીને પ્રાઈવેટ ઓફિસમાંથી આટલું મોટું નેટવર્ક ચલાવે, તે કોઈ મોટા આશીર્વાદ વગર શક્ય નથી. ચર્ચા તો એવી છે કે ગિરી ઉપર એસ પી (SP) કક્ષાના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ વિભાગના મોટા માથાઓનો સીધો હાથ છે. આ જ કારણે સ્ટેટ મોનિટરિંગ સેલ, પી.સી.બી (PCB), ક્રાઈમ બ્રાન્ચ કે ડી.સી.પી (DCP) સ્કોડ જેવી મોટી એજન્સીઓ પણ આ અડ્ડાઓ પર રેડ પાડતા ફફડે છે. આ વહીવટદારની ગોઠવણ એટલી પાકી છે કે તે નીચેથી લઈને છેક ઉપર સુધી નિયમિત 'વહીવટ' પહોંચાડી દે છે.

વર્ષોથી વિવાદોમાં રહેલા આ પોલીસ કર્મચારી ગિરીની સંપત્તિ જોઈને ભલભલા અધિકારીઓ પણ આશ્ચર્યમાં પડી જાય. પોલીસ ખાતાના સરકારી પગાર પર જીવતા આ માણસ પાસે આજે કરોડો રૂપિયાના બંગલા, આલીશાન લક્ઝરી ગાડીઓ અને કરોડોની બેનામી જમીનોનું સામ્રાજ્ય ક્યાંથી આવ્યું? આ વાડજની પ્રાઈવેટ ઓફિસમાં થતા કાળા વહીવટની કમાણીનો જીવતો જાગતો પુરાવો છે.

પી.આઈ. બાવા અજાણ હોવાનો રાગ આલાપ્યો!

આ સમગ્ર કાળા કારોબાર અને ગિરીના વહીવટ અંગે જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા સ્થાનિક પી.આઈ. બાવા સાથે ફોન પર સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે તેમણે અજાણ હોવાનો રાગ આલાપ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'આ બાબતે હું કશું જ જાણતો નથી અને વિસ્તારમાં ચાલતા દારૂ-જુગારના ધંધાની વાત પણ મને ખબર નથી.' હવે સવાલ એ થાય છે કે આખા વિસ્તારમાં આટલું મોટું પાપ ધમધમે છે છતાં પી.આઈ. કેમ અજાણ છે?

### ■ 'પાક્કો ગુજરાત'નો ગૃહ વિભાગ અને ઉપમુખ્યમંત્રીને ખુલ્લો પડકાર:

શું રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ગૃહ મંત્રાલય પોલીસ ખાતાના આ કાળા ઘેટા સામે, જે ખાખીની આડમાં બુટલેગરો સાથે લાખોના સોદા કરે છે, તેના પર કોઈ કડક કાયદાકીય કે ખાતાકીય પગલાં ભરશે? કે પછી સિસ્ટમના આકાઓ આ બધું ચાલવા દેશે? જો આ કેમિકલવાળા દારૂથી શહેરમાં કોઈ મોટી દુર્ઘટના ઘટી, તો તેની જવાબદારી કોની રહેશે? જનતા હવે આ કાળા ચહેરાઓ સામે કડક એક્શનની રાહ જોઈ રહી છે.

---

#### ગુજરાતભરમાં 'ઓપરેશન ડેલ્ટા'નો સપાટો

## અમદાવાદમાંથી 166 બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા, સુરક્ષા એજન્સીઓ એક્શન મોડમાં

**અમદાવાદ**

ગુજરાત પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા રાજ્યભરમાં આદરેલા ગુપ્ત ઓપરેશનમાં એક બહુ મોટી સફળતા મળી છે. 'ઓપરેશન ડેલ્ટા' (Operation Delta) હેઠળ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ૧૬૬ જેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ મેગા ડ્રાઈવના કારણે ગેરકાયદેસર વસવાટ કરતા તત્વો અને તેમના આશ્રયદાતાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો મુજબ, સુરક્ષા એજન્સીઓને ચોક્કસ ઈનપુટ્સ મળ્યા હતા કે અમદાવાદના કેટલાંક ચોક્કસ વિસ્તારોમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશી નાગરિકો કોઈપણ માન્ય વિઝા કે પાસપોર્ટ વિના ગેરકાયદેસર રીતે રહી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને શહેરના શંકાસ્પદ રહેણાંક વિસ્તારો, ઝૂંપડપટ્ટીઓ અને બાંધકામ સાઈટો પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ સર્ચ ઓપરેશન દરમિયાન પ્રાથમિક પૂછપરછમાં શંકાસ્પદ જણાતા લોકોના દસ્તાવેજોની ચકાસણી કરતા ઘૂસણખોરીનો આ મોટો ભાંડાફોડ થયો હતો. પકડાયેલા ૧૬૬ બાંગ્લાદેશીઓ પાસે ભારતમાં રહેવા માટેના કોઈ કાયદેસરના આધાર-પુરાવા મળી આવ્યા નથી. ચોંકાવનારી બાબત એ છે કે, આમાંથી કેટલાંક લોકોએ સ્થાનિક એજન્ટોની



મદદથી ભારતીય નાગરિક હોવાના નકલી અને બોગસ દસ્તાવેજો પણ તૈયાર કરાવી લીધા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ તમામ ઘૂસણખોરોની અટકાયત કરીને ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઓપરેશન બાદ હવે એજન્સીઓ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ઘૂસણખોરોને સરહદ પાર કરાવવામાં અને અમદાવાદ સુધી પહોંચાડવામાં કઈ આંતરરાજ્ય ગેંગ કે સ્થાનિક નેટવર્ક કામ કરી રહ્યું હતું. આટલી મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો પકડાતા સ્થાનિક સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. આગામી દિવસોમાં આ મામલે હજુ પણ મોટા ખુલાસા થવાની અને નકલી દસ્તાવેજો બનાવી આપતા એજન્ટો પર સિકંજો કસાવાની પૂરેપૂરી શક્યતા છે.

---

## "મોદીજી, વાયા-વાયા શું કામ? સીધેસીધું જ કહી દો ને કે હવે બધું અદાણી-અંબાણીનું છે!"

**અમદાવાદ**

દેશની આર્થિક સ્થિતિ અને મોટા ઉદ્યોગપતિઓ તરફ ઝૂકી રહેલી વ્યવસ્થાને લઈને સોશિયલ મીડિયાથી લઈને સામાન્ય ચાની કિટલીઓ સુધી હવે જનતાનો આક્રોશ ખુલ્લેઆમ બહાર આવી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી અને લોકોમાં ભારે ચર્ચા જગાવતી એક તીખી પ્રતિક્રિયા અત્યારે સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉન બની છે, જેમાં સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને એક ઘાતક કટાક્ષ કરવામાં આવ્યો છે. જનતાના આ અવાજમાં કહેવાયું છે કે, 'મોદીજીને અપીલ છે કે હવે લોકોથી વાયા-વાયા કે આડકતરી રીતે વાત કરવાના બદલે સીધેસીધું જ કહી દો કે દેશની દરેક સંપત્તિ પર હવે માત્ર અદાણી અને અંબાણીનું જ આધિપત્ય રહેશે! આ બધી સંપત્તિઓ અલગ-અલગ યોજનાઓ અને રસ્તાઓ (વાયા-વાયા) દ્વારા ઉદ્યોગપતિઓ સુધી પહોંચાડવાની મથામણ કરવા કરતાં, એક જ વાર લાઈવ આવીને સીધેસીધું બોલી દીધું હોત તો સારું થાત.' આ કટાક્ષ એટલો ઘાતક અને તીક્ષ્ણ છે કે તે વર્તમાન સ્થિતિ પર મોટો સવાલ ઊભો કરે છે. લેખમાં આગળ લખાયું છે કે, 'જો સરકાર એકવાર સીધું કહી દેશે, તો દેશના અડધાથી વધુ અંધભક્તો અને ભોળા લોકો કોઈ વિરોધ વગર, હસતાં-હસતાં પોતાને પણ એ ઉદ્યોગપતિઓના હવાલે કરવા તૈયાર થઈ જશે!'

દેશમાં એરપોર્ટ, પોર્ટ, રેલવે, કોમ્યુનિકેશનથી લઈને સામાન્ય પાવડર-તેલ સુધીની તમામ વસ્તુઓ પર જ્યારે ગણ્યાગાંઠ્યા ઉદ્યોગપતિઓનો કબ્જો થઈ રહ્યો છે, ત્યારે મધ્યમ વર્ગ અને ગરીબો પોતાને ઠગાયેલા અનુભવી રહ્યા છે. વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે સામાન્ય માણસ પૂછી રહ્યો છે કે આ વિકાસ દેશનો થઈ રહ્યો છે કે માત્ર બે-ચાર ઉદ્યોગપતિઓનો?

---

#### CM અને ગૃહમંત્રીના મતવિસ્તારમાં જ

## ગટર-પીવાનું પાણી મિક્સ થતાં 500થી વધુ લોકો ભોગ બન્યા..!

**અમદાવાદ**

શહેરના પોશ ગણાતા ઘાટલોડિયા વિધાનસભા વિસ્તાર અને ગોતા વોર્ડમાં આવેલી આકાંક્ષા એપાર્ટમેન્ટમાં પ્રદૂષિત પાણીના કારણે ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનનું પીવાનું પાણી અને ગટરનું પાણી ભેળસેળ થવાના કારણે સોસાયટીના ૫૦૦થી વધુ નાગરિકો ઝાડા-ઉલ્ટીની ગંભીર બીમારીનો ભોગ બન્યા છે, જેમાંથી ૩૦થી ૪૦ જેટલા લોકોને નજીકની ખાનગી હોસ્પિટલોમાં દાખલ કરવા પડ્યા છે. આ આખી ઘટનાને પગલે કોંગ્રેસે શાસક પક્ષ ભાજપ અને એએમસી (AMC) તંત્ર સામે મોરચો ખોલ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ભાજપ શાસકો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આ એવો



હાઈપ્રોફાઈલ વિસ્તાર છે જે રાજ્યના મુખ્યમંત્રી અને દેશના ગૃહમંત્રીનો મતવિસ્તાર છે. કોર્પોરેશનના ૧૫,૦૦૦ કરોડના વાર્ષિક બજેટની મોટી-મોટી વાતો કરનારા શાસકો આજે પણ અમદાવાદ જેવા મેગા સિટીના ૨૪ ટકા જેટલા વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી આપવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે. કરોડો રૂપિયાના વિકાસ કામોની જાહેરાતો કરાય છે અને જનતા પાસેથી ઊંચો ટેક્સ વસૂલાય છે, પણ બદલામાં ગંદુ અને ઝેરી પાણી મળે છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, શુક્રવારથી ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી ગયું હતું. છેલ્લા ચાર દિવસથી બાળકો, મહિલાઓ અને વડીલો સહિત આખી સોસાયટી પથારીવશ છે. ગંભીર પરિસ્થિતિ વચ્ચે સોસાયટીની બે મહિલાઓને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવી પડી હતી. આટલો મોટો રોગચાળો ફેલાયો હોવા છતાં કોર્પોરેશનના અધિકારીઓ કે કોઈ નેતા મુલાકાતે આવ્યા ન હોવાનો આક્ષેપ પણ સ્થાનિકોએ કર્યો છે.

હાલમાં રોગચાળાના ભયથી ગ્રામજનો બહારથી પાણીના બાટલા મંગાવીને પીવા માટે મજબૂર બન્યા છે. ઈન્દોર અને દિલ્હીમાં દૂષિત પાણીની આવી ઘટનાઓ બની હોવા છતાં અમદાવાદનું તંત્ર ઊંઘતું રહ્યું, જે તેની ઘોર બેદરકારી દર્શાવે છે.

---

#### લાચાર પિતા બોલ્યા- 'છેલ્લીવાર ચહેરો પણ ન જોઈ શક્યા'

## દીકરાના પાર્થિવ દેહ માટે ડૉક્ટર પરિવારની આસું ભરેલી આજીજી

■ **જ્યોર્જિયાથી અંતિમ કોલમાં ધ્વનિતે કહ્યું હતું- 'મમ્મી ચિંતા ન કરતી, હું મજામાં છું', વિદેશમાં આશાસ્પદ યુવાનના મોતથી પરિવાર પર આભ તૂટ્યું**

**અમદાવાદ**

વિદેશની ધરતી પર વધુ એક ગુજરાતી વિદ્યાર્થીનું કરુણ મોત નીપજતાં એક હસતો-ખેડતો પરિવાર કાયમ માટે આઘાતમાં સરી પડ્યો છે. ઉચ્ચ અભ્યાસ માટે જ્યોર્જિયા ગયેલા આશાસ્પદ યુવાન ધ્વનિતના અકાળે અવસાનથી તેના ડૉક્ટર માતા-પિતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. સાત સમંદર પાર કાળજાના ટુકડાને ગુમાવી ચૂકેલા લાચાર માતા-પિતા હવે સરકાર સામે હાથ જોડીને પોતાના દીકરાના મૃતદેહને વતન લાવવા માટે આંસુ ભરેલી આજીજી કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ, જ્યોર્જિયામાં મેડિકલનો અભ્યાસ કરવા ગયેલા ધ્વનિતનું અચાનક અવસાન થતાં પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. પુત્રના મોતના સમાચાર મળતા જ ઘરમાં માતમ છવાઈ ગયો હતો. ધ્વનિતે તેના અંતિમ ફોન કોલમાં માતા સાથે વાત કરી હતી. વહાલસોયા દીકરાના એ છેલ્લા શબ્દો યાદ કરીને માતા ધ્રુસકે-ધ્રુસકે રડી પડી હતી. ધ્વનિતે કહ્યું હતું કે, 'મમ્મી તું જરાય ચિંતા ન કરતી, હું અહીં એકદમ મજામાં છું.' માતાને ક્યાં ખબર હતી કે દીકરા સાથેની આ તેની છેલ્લી મુલાકાત અને છેલ્લો સંવાદ બની રહેશે. બીજી તરફ, દીકરો ગુમાવનાર કમનસીબ પિતાની લાચારી અને આક્રોશ પણ આંસુ બનીને વહી રહ્યા છે. ભારે હૈયે પિતાએ જણાવ્યું કે, 'અમે અમારા દીકરાનો છેલ્લીવાર ચહેરો પણ જોઈ શક્યા નથી. એક ડૉક્ટર હોવા છતાં આજે હું મારા દીકરા માટે કંઈ જ કરી શકવા સમર્થ નથી.' વિદેશમાં બનેલી આ ઘટના બાદ વહીવટી પ્રક્રિયા અને કાગળિયાની ગૂંચવણોને કારણે ધ્વનિતનો પાર્થિવ દેહ વતન લાવવામાં વિલંબ થઈ રહ્યો છે, જેના લીધે પરિવારની પીડા બેવડાઈ ગઈ છે.

---


## બોપલમાં SMCના પાન પાર્લર પર દરોડા, ઈ-સિગારેટ વેચતા એક આરોપીની ધરપકડ


#### આરોપી હર્ષિલ શાહની ધરપકડ, બે મુખ્ય સપ્લાયર્સ વોન્ટેડ જાહેર

**અમદાવાદ**

ગુજરાતમાં પ્રતિબંધિત ઈ-સિગારેટ અને વેપિંગ પ્રોડક્ટ્સના ગેરકાયદે વેચાણ વિરુદ્ધ ગાંધીનગર સ્પેશિયલ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. SMCની ટીમે અમદાવાદ ગ્રામ્યના સાઉથ બોપલ વિસ્તારમાં આવેલા એક પાન પાર્લર પર દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતની ઈ-સિગારેટ, રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ 1.89 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે માલ સપ્લાય કરનારા અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

આ રેડ આજે ૩ જૂનના રોજ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના બોપલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાઉથ બોપલના 'સન સાઉથ પાર્ક' નામના શોપિંગ સેન્ટરમાં દુકાન નંબર 11, 'અશોક પાન પાર્લર' ખાતે કરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી 1.26 લાખ રૂપિયાની કિંમતની 42 નંગ ઈ-સિગારેટ અને વેપિંગ રિફિલ જપ્ત કરી હતી. આ ઉપરાંત અધિકારીઓએ 50,000ની કિંમતનો એક મોબાઈલ ફોન અને 13,540 રૂપિયાની રોકડ રકમ પણ કબજે લીધી હતી, જેથી જપ્ત કરાયેલી કુલ સંપત્તિની કિંમત આશરે 1.89 લાખ રૂપિયા આંકવામાં આવી છે.





આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI